
કિંમત ₹ ૫/-
સળંગ અંક ૭૨ - એપ્રિલ - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન:- દર માસની ૧૧તારીખે



## શ્રી નરનારાયણદેવનો ૧૯૧મો પાટોત્સવ અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો બીજો વાર્ષિક ઉત્સવ દિન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



# શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ
# શ્રી નરનારાયણદેવના ૧૯૧માં પાટોત્સવની ઝલક



શ્રી નરનારાયણદેવ જયંતી ફૂલદોલોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં શ્રી ઘનશ્યામ મહારાજને કેસૂડાના વાઘાનાં અલૌકિક દર્શન
તસવીર :- પ.પૂ. મોટા મહારાજશ્રી





# અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ









# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૬ ● અંક : ૭૨

એપ્રિલ-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)



**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૬ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૩. | વ્રતનો રાજા એકાદશી | ૦૮ |
| ૦૪. | ટોરડાધામમાં ઉજવાયેલ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મજયંતી | ૧૦ |
| ૦૫. | ગોપાળાનંદ સ્વામીની સ્કુલ | ૧૪ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૯ |
| ૦૮. | સદાય સુખિયા રહેવાનું રહસ્ય | ૨૫ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૬ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૯ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૩૦ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

વસંતઋતુ અને પાનખરનું આગમન થઈ ચૂક્યું છે. હવે વૃક્ષો પર નવી કૂંપણો ફૂટશે. વૃક્ષો નવું રૂપ ધારણ કરશે. લીંબડો અને આંબા ઉપર મોર થશે. ચૈત્ર સુદ-૧ એકમથી ચૈત્ર સુદ-૯ સુધી ભગવાનને કડવા લીમડાનો રસ ધરાવાશે. ભગવાન તો નિર્લેપ છે. આ બધું આપણા ઉપદેશ માટે હોય છે. કડવા લીમડાનો રસ પ્રસાદ નવ દિવસ પીવામાં આવે તો આખું વરસ સ્વાસ્થ્ય સારું નિરોગી રહે છે. માટે દરેક હરિભક્તોએ કડવા લીમડાનો રસ અવશ્ય પીવો.

વિદ્યાર્થીઓને પરીક્ષાની મોસમ ચાલે છે. ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષા પુરી થઈ. આખું વરસ જેણે ખૂબજ મહેનત કરી હશે તેને તો પરિણામની ચિંતા ન હોય, પરંતુ જેઓ ટી.વી. ફિલ્મો જોવામાં વ્યસ્ત રહ્યાં હશે તેને પરિણામની ચિંતા સતાવતી હશે. માટે વિદ્યાર્થી મિત્રો ! આપ સૌના વડીલો મા-બાપ આપના ઉજ્જવળ ભવિષ્ય માટે, આપની પ્રગતિ માટે જે મહેનત કરે છે. રાત દિવસ ખૂબજ પરિશ્રમ કરીને પણ આપને ઉંચી ફી ભરીને સારું શિક્ષણ આપે છે. છતાં તમે જો તેનું મૂલ્ય નહીં સમજો તો આખી જીંદગી પસ્તાવું પડશે. અને તમારું જીવન અંધકારમય બની જશે.


હાલના સમયમાં જેટલું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરશે તેટલું તમે તમારી પાછળની પેઢીને પણ તેવું જ શિક્ષણ આપી શકશો તેમાં શંકા નથી. વિશ્વમાં જેટલા દેશે પ્રગતિ કરી છે ત્યાં શિક્ષણનું પ્રમાણ ૧૦૦ ટકા છે. માટે આપણે દરેકે દરેક ઘરની વ્યક્તિ ફરજીયાત શિક્ષણમાં ધ્યાન આપશો. તોજ આપણે આપણા કુટુંબ, સમાજ અને દેશ માટે ઉપયોગી થઈશું.

આપણા ઈષ્ટદેવ પરમકૃપાળુ પરમાત્મા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો પ્રાગટ્ય દિન ચૈત્ર સુદ-૯ રામનવમીએ અમદાવાદ મંદિરમાં ભવ્ય સમૈયો ઉજવાશે. શ્રીજી મહારાજની આજ્ઞા છે કે આવા સમૈયાના દર્શન ગમે તેટલા દૂર રહેતા હોય તો પણ જે નજીક આપણું મંદિર હોય ત્યાં જઈને પણ દર્શન કરવા.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

## માર્ચ-૨૦૧૩



૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૫-૬. આધોઈ (કચ્છ) પધરામણી.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર દેશ) પારાયણ પ્રસંગે પધરામણી.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા કથા પ્રસંગે પધરામણી.

૧૨-૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.

૧૪. પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર લખતર (મૂળીદેશ) પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮. રાણીપ અને નિર્ણયનગર હરિભક્તોને ત્યાં પધરામણી.

૧૯ થી ૨૫ માર્ચ ૨૦૧૩ ઓકલેન્ડ (ન્યુઝીલન્ડ) શ્રી સ્વામિનારાયણ મંદિર ના ૫ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫-૨૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ (કચ્છ) પધરામણી.

૨૭. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ફુલદોલોત્સવ પોતાના સાનિધ્યમાં ઉજવાયો.

૨૮. પ.ભ. રમેશભાઈ પારેખને ત્યાં પધરામણી, દરિયાપુર.

૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) પધરામણી.

૩૦. રાત્રે બળદીયા (કચ્છ) પધરામણી.

૩૧. નારાયણપર (કચ્છ) પ.ભ. કુવરજી દેવરાજને ત્યાં વાસ્તુ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (માર્ચ-૨૦૧૩)

૧૪. શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પાટોત્સવ મહાભિષેક પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થયો.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ફુલદોલોત્સવ પોતાના વરદ્ હસ્તે ઉજવાયો.

# વ્રતનો રાજા એકાદશી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આશ્રિત જનોને એકાદશીનું વ્રત કરવાની આજ્ઞા શિક્ષાપત્રી શ્લોક ૭૯ માં કરી છે કે સર્વ એકાદશીનું વ્રત આદર થકી કરવું. અને તે દિવસે મોટા ઉત્સવો કરવા.

એકાદશી ઉત્પત્તિની કથા પુરાણોમાં કહી છે તે પ્રસંગને શ્રીજી મહારાજે વચનામૃત ગ.મ.૮ માં મુરદાનવની કથા જે અસુરને મારવા દેવો પણ સમર્થ ન થયા અને સ્વયં પ્રભુ થાકીને પોઢી ગયા. મુરદાનવ પીછો પકડીને આવ્યો તો તેનો નાશ કરવા ઠાકોરજીએ નેત્રમાંથી એકાદશીને ઉત્પન્ન કરી. તે એકાદશીએ મુરદાનવની પાસે યુદ્ધ માગીને માર્યો ત્યારે ચૌદલોકમાં એકાદશીનો જય જયકાર થયો. સર્વદેવોએ એકાદશીની પૂજા સ્તુતિ કરી. ભગવાને વરદાન આપ્યું કે આ એકાદશી હવે ભક્તોનું રક્ષણ કરવા સદાય રહેશે. એકાદશી તિથિએ તેને સ્થાન આપ્યું. જે એકાદશીનું વ્રત કરશે તે મુરદાનવ જેવા પણ દાનવો આસુરી તત્વોને જીતીને મારા લોકને પામશે. અમારી દશ ઈન્દ્રિઓ અને અગીયારમું મન તેમાંથી એકાદશીની ઉત્પત્તિ છે. તો અમારા ભક્તોએ દશ ઈન્દ્રિય અને અગીયારમાં મનમાં વ્રતના દિવસે અમારી ધારણા કરવી. તે દિવસે તેને ઈન્દ્રિયોના વિષયનો સંબંધ ન રાખવો. માત્ર અમારો સંબંધ રાખવો.

એકાદશીની ઉત્પતિ કારતક વદ-૧૧ ના રોજ થઈ તેથી તે એકાદશીને ઉત્પન્ના એકાદશી નામ રાખવામાં આવ્યું. વર્ષની ૨૪ એકાદશી ઉત્પન્નાથી પ્રબોધની એકાદશીની વ્રતવિધિ કહી છે. પ્રત્યેક એકાદશીનો પ્રભાવ ભિન્ન ભિન્ન છે. છતાંય પરબ્રહ્મને પ્રાપ્ત કરવાનો સદ્‌ગુણ બધીજ એકાદશીઓમાં છે. માત્ર માસ અને પક્ષ ભેદથી નામ ભેદ છે. ચાર એકાદશી અને શુક્લ પક્ષની એકાદશીનો ઉત્તમ ગણવાનો હેતુ માત્ર ચંદ્ર બળના કારણે જ છે. કેમ કે નિર્ણય સિધ્ધુમાં કહ્યું છે કે ભક્તોએ બધીજ એકાદશીઓનું વ્રત આદર અને ખબડદાર થઈને કરવું. અધિક માસની બે એકાદશી પણ ૨૪ ની સાથે જ ગણવી.

સકામ વ્રત કરનારાઓમાં કેટલાક નિમિત્ત હેતુથી વ્રત કરનારાઓ હોય છે. જેઓએ વિશેષ વ્રત વાર્ષિક ૨૪ એકાદશી ઉત્પન્નાથી દેવઉઠી પર્યન્ત એક તંત્રથી વ્રત કરવું. ભગવાનના ભક્તોયે ક્યારેય વ્રતનો ભંગ કરવો જ નહિ. આઠ વર્ષથી એંશી વર્ષની ઉંમરના લોકોએ અવશ્ય વ્રત કરવું. સમર્થ હોય તેઓએ આજીવન કરવું. એકાદશીનો વિશેષ મહિમા વ્રતવિધિમાં કહ્યો છે. નૈમિષારણ્યમાં સુતપુરાણી શૌનકાદિક ઋષિયોને એકાદશીનો મહિમા વર્ણન કરતાં એક વર્ષનો સમય લાગ્યો. વળી નિર્ણય સિન્ધુ તથા ધર્મ સિન્ધુમાં સવિસ્તાર કહ્યો છે.

વ્રતનો વિધિ કહીએ છીએ કે, શિવ અને વૈષ્ણવના મત ભિન્ન છે. શૈવ મત સૂર્યાસ્ત તિથિને માને અને વૈષ્ણવ ઉદય તિથિને માને. એટલે આપણે બારસ યુક્ત એકાદશીનું વ્રત કરીએ છીએ. ધર્મ સિન્ધુના મત પ્રમાણે દિક્ષિત હોય તેમને સૂર્યોદય તિથિ અને અદિક્ષિત હોય તેમને તેને સૂર્યાસ્ત તિથિ માનવી. દશમીનાં દિવસે સૂર્યાસ્ત બાદ ભોજન કરવું નહી. અને બારસના દિવસે બારશ પૂર્ણ થાય તેરશ શરૂ થાય તેના પહેલાં પારણા કરી લેવા. એકાદશીના દિવસે વિધિમાં વિશેષ ધ્યાન આપવા યોગ્ય જે અન્ન જમવું નહિ. અનાજ, બાજરી, ઘઉં, ચોખા, સાત ધાન્ય, તલ, મસુરદાળ, શાક, પારકું ભોજન વિગેરે અજાણતા પણ ખાવા નહિ. એકાદશીના દિવસે ઉપવાસ કરવો. વારંવાર જળ પણ પીવું નહિ. પરંતુ તેમાં મધ્યમ વ્રત વાળા વૃધ્ધ અશક્ત રોગીઓનો માટે ફળ-તલ-પંચામૃત-કંદમૂળ-દૂધ-જળ ખાવાની છૂટ આપી છે. પરંપરાગતમાં પર્વતમાં પ્રાકૃતિક રીતે ઉત્પન્ન થતા મોરૈયો-રાજગરોને ફળમાં સમાવેશ કર્યો છે. પાન, તાંબુલ, મુખવાસ જમવો નહિ. સવારે કાષ્ટથી દાતણ કરવું નહિ, માત્ર લવણથી કોગળા કરવા. દિવસે સૂવું નહિ. બ્રહ્મચર્ય વ્રત રાખવું. ક્રોધ કરવો નહિ. દિવા નિંદ્રા, ક્રોધ, મૈથુનથી તત્કાળ વ્રતનો ભંગ થઈ જાય છે. રડવું નહિ. કલેશ કંકાશ કરવો નહિ. મનવાણી શરીરથી હિંસા કરવી નહિ. અસત્ય બોલવું નહિ. ભૂમિ પર શયન કરવું. અનાજ બીજાને અર્થે પણ રાંધવું નહિ. તેની સુગંધ લેવી નહિ. જમવાની વાતો કરવી નહિ. કેમ કે વાતો કરવાથી જીભમાં સ્વાદ ઉત્પન્ન થાય છે. પુષ્પોની સુગંધ લેવી નહિ. દાઢી મુંડન કરવું નહિ. એકાદશીના વ્રતનું ફળ તેના ૧૪

પેઢીઓના પૂર્વજોને મળે છે તેથી તેઓની પણ તત્કાળ મુક્તિ મળે છે. જીવિત કે મૃત આપ્તજન જો કોઈ ત્રિવિધ કઠિન પ્રારબ્ધ ભોગવી રહ્યા હોય તેને એક વર્ષની એકાદશીઓનું ફળ સંકલ્પ કરીને દાન કરવામાં આવે તો તત્ક્ષણ સંકટ તેમાંથી મુક્ત થઈ જાય છે. રાત્રી જાગરણ કરવુ તથા રાત્રી શયન ભૂમિ પર કરવું. (પલંગ વિના) ભૂમિ પર ચાદર વિગેરે પાથરીને સૂવું.

અંગ્રેજોના આપણા દેશમાં આગમનથી પૂર્વ લોકો એકાદશીના દિવસે રજા રાખતા. તે દિવસે ખેતી વાડીના કામો બંધ રાખતા. બળદગાડું જોડતા નહિ. પંદર દિવસે એક પૂર્ણ રજા રહેતી. પરંતુ અંગ્રેજો રવિવારની રજા મુકીને ગયા. એટલે આપણી એકાદશી ગૌણ બની ગઈ.

એકાદશીએ ભગવાનની વિશેષ પૂજા કરવી. ભગવાનનાં કીર્તનો ગાવાં. શાસ્ત્રોનું વાચન કરવું, દેવ દર્શન કરવા, ઉત્સવો કરવા, ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું. તે રાત્રીના બાર વાગ્યા સુધી સત્કાર્ય ચાલુ રાખવા. રાત્રી જાગરણ વિના અડધું ફળ કહ્યું છે. ભગવાનના ભક્તોએ સાથે મળીને ભજન કરવું. કેમ કે સભા - સમૈયામાં સહેજે સહેજે વ્રત ઉપવાસ થાય. આપણા સંપ્રદાયમાં ઘણા સત્સંગીઓ એકાદશીના ગામના મંદિરમાં એકાદશીનો આખો દિવસ રહે છે. જેમાં મૌન રાખીને પઠન, કીર્તન, માળા, પ્રદક્ષિણા સેવા કરે. પંદર દિવસે એક દહાડોતો આત્મ કલ્યાણમાં બુદ્ધિવાન હોય તે ઉપયોગ કરે જ.

જે સત્સંગી ઉત્સાહ વિના શ્રધ્ધા વગર વ્રત કરવાનો પ્રયાસ કરે છે તેને ઢોર લાંઘણીયું બોજા રૂપ બની જાય છે. પણ સાવધાન ખબડદાર થઈને કરે છે તેનો શ્રીજી મહારાજ વ્યવહારમાં ઘણો સમય બચાવી આપે છે. અનિવાર્ય સંયોગો સિવાય યાત્રા પણ ટાળવી. કેમ કે તેમાંય ઘણી હિંસા થાય છે. આપણા ગામમાં મંદિર હોય તો ત્યાં ચાલતા જવું. આપણા માટે આપણા ગામના મંદિરથી વિશેષ કોઈ મોટું તીરથ નથી. તે અવશ્ય જાણજો. બ્રહ્માનંદ મુનિએ કહ્યું છે કે, કોટી ગાયોનું દાન કરે તેથી અધિક એકાદશીના વ્રતના ક્ષણમાત્રમાંએથી અધિક શક્તિ ફળ રહ્યું છે. વળી ૬૦ હજાર તપસ્વીને એક વર્ષ સુધી ભોજન જમાડે તેથી અધિક એક વર્ષની એકાદશીમાં પુણ્ય રહ્યું છે. કરોડ વાર ગંગા સ્નાનથી એકાદશી વ્રતનું ફળ અધિક કહ્યું છે.

જે માણસ એકાદશીના દિવસે અન્ન ભોજન જમે છે તે પાતકી બનીને ભક્તિમાર્ગથી પડી ગયો જાણજો. વ્રતોનો રાજા એટલે એકાદશી. આપણી સંસ્કૃતિમાં ૩૬૫ દિવસમાં ૨૪૦ વ્રત આવે છે. જેનો કોઈને કોઈ પ્રકારે જીવનમાં ઉપયોગી હોય છે. પણ કલિયુગમાં એકાદશી વ્રતથી પંદર દિવસમાં આવતા બધાજ વ્રતોનો સમાવેશ થઈ જાય છે. એટલે કે તે વ્રતોના ઉલ્લંઘનનો દોષ લાગતો નથી. વ્રત કરનાર થકી પૂર્વજોને મુક્તિ મળે તો વ્રત કરનારાને મળે તેમાં જરાય શંકા નથી. શ્રીજી મહારાજ પ્રત્યેક એકાદશીએ મોટા મોટા સમૈયા કરતાં, વ્રત, ઉપવાસ કરાવતા. શ્રીમદ્ ભાગવતમાં નવમાં સ્કંધમાં વ્યાસજીએ લખ્યું છે કે, અંબરિષ રાજાએ એક વર્ષનું એકાદશીનું વ્રત કરી રહ્યાં હતા. તે સમયે દુર્વાસા જેવા તપસ્વીનું તપ પણ નાકામીયાબ સાબિત થયું. દુર્વાસાને ભગવાને પણ રક્ષણ આપ્યુ નહિ. કેમ કે એકાદશીના વ્રતથી પ્રસન્ન થયેલા ભગવાને પોતાનું સુદર્શન ચક્ર અંબરીશ રાજાના રક્ષણ માટે રાખ્યું હતું.


એક વર્ષ પૂર્ણ થતાં પ્રબોધીએ યથા વિધિ યથા શક્તિ વ્રતનું ઉદ્યાપન પુણ્ય સ્થાનને વિષે કરવું. ધર્મ સિન્ધુમાં એકાદશીના બે પ્રકાર કહ્યાં છે. એક વ્રત બીજો ઉપવાસ. મુક્તિને માટે ઉપવાસ કરે અને કામનાઓની પૂર્તિને માટે વ્રત કરે. સ્ત્રીઓને માટે પતિની આજ્ઞા લઈને વ્રત ઉપવાસ કરવો.

સત્સંગિજીવન પ્રકરણ-૩-૩૧ માં અધ્યાયમાં વિશેષ લખ્યું છે કે, એકાદશીએ અન્ન જમવાથી સુકૃત નાશ પામે છે. અને પૂર્વજોનું પણ પતન થાય છે. એકાદશી વ્રત કરનારની સર્વ પાપોમાંથી મુક્તિ થઈ જાય છે. હજાર અશ્વમેધ, સો રાજસૂય યજ્ઞથી અધિક એકાદશી વ્રત છે. જેનાં ઘરમાં કોઈએ એકાદશીનું વ્રત કર્યું. તેના ઘરમાં યમદૂતોનો પ્રવશ નહિ. એકાદશી પરમાત્માની પ્રતિવ્રતા નેત્રમાંથી પ્રગટ થયેલી પત્ની છે. તેને ધારણ કરવાથી પરબ્રહ્મ પરમાત્માનો આત્મામાં અખંડ નિવાસ થાય છે.

અનિવાર્ય સંયોગોમાં એકાદશી વ્રતમાં શરત ચૂક થાય તો દ્વાદશીના દિવસે ઉપવાસ કરી લેવો. વળી અજાણતા કે રોગાદિક આપત્કાળ કે ગુરુવચને કે ઔષધી ભક્ષણ નિમિત્તે વ્રત ભંગનો દોષ નથી.

# ટોરડાધામમાં ઉજવાયેલ ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની જન્મજયંતી

- મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસ (ટોરડા)



યોગી પૂર્વ જન્મના, જેને વાલા સંગે અતિ વ્હાલ,
પ્રભુ સંગાથે પ્રગટ્યા, ખરા ભક્ત નામ ખુશાલ.

અક્ષરમૂર્તિ, યોગીવર્ગ ગોપાળાનંદ સ્વામીની જન્મ ભૂમિ ટોરડા ખાતે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા મોહન ભગતના માર્ગદર્શન મુજબ શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજનો ષષ્ઠિપૂર્તિ મહોત્સવ એવં શ્રી ગોપાળાનંદ સ્વામીની ૨૩૨ મી જન્મ જયંતી ખૂબ ધામધૂમથી ઉજવાઈ હતી.

ટોરડા ધામમાં બિરાજમાન શ્રી ગોપાળલાલજીની સ્વયં ખુશાલ ભટ્ટે ૧૮ વર્ષ પૂજા કરેલી છે અને એજ સ્વરૂપોની આપણા મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીના આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા વડતાલના આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. જેને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ષષ્ઠિપૂર્તિ મહોત્સવનું વિશાળ આયોજન થયું.

જેના ભાગરૂપે સૌ પ્રથમ પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૫-૧૨-૨૦૧૨ના રોજ વિજય સ્તંભ લહેરાવવામાં આવ્યો હતો. જેના યજમાનપદે ઠાકોર સાહેબ ભાટી રાજેન્દ્રસિંહ નહારસિંહ (ટોરડા) રહ્યાં હતા. મંદિરની વાડીમાં આવેલ સભા મંડપ અને ભોજનશાળાના મુખ્ય યજમાન સદ્‌ગુરુ કેટરર્સ પ્રા.લિ. ઈડરના સોની જીતુભાઈ તથા રાજુભાઈની સેવારૂપે વિશાળ શમિયાણા ઉભા કરાયા. જોતાવેંત અક્ષરધામની અનુભૂતિ કરાવે એવી હંસારૂઢ શ્રીહરિની આકર્ષક મૂર્તિ અને કળા કરતા બે મોરલાની જોડ સહિત આખું થર્મોકોલનું સ્ટેજ ડેકોરેશન જે દરેક સંતો - હરિભક્તોના મનમાં વસી ગયું હતું. સ્ટેજ ડેકોરેશનની સેવા શ્રી ગોવિંદભાઈ બારસીયા (અમદાવાદ)એ સમર્પી હતી. સમગ્ર મંદિર, ગામ અને વાડી સુધીના સમગ્ર વિસ્તારો રાત્રે લાઈટીંગથી શોભાયમાન થયા હતા.

અ.નિ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીના શિષ્ય મંડળના વડીલ વિદ્વાન કથાકાર શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી તથા સ.ગુ. સ્વામી રઘુવીરચરણદાસજી (સોકલી), સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ઈડર), સ.ગુ. પૂજારી સ્વામી પરમેશ્વરદાસજી (અમદાવાદ) તથા શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી (હરિદ્વાર) તથા શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર) વગેરે સંતોએ મહોત્સવમાં માર્ગદર્શન તથા સેવા આપી હતી.

તા. ૧૪-૨-૨૦૧૩ ગુરુવારના રોજ મંદિરથી

પોથીયાત્રા નીકળી સભા મંડપમાં ધામધૂમથી પહોંચી હતી. આજના શુભ દિને ષષ્ઠિપૂર્તિ મહોત્સવનો શુભારંભ થયો હતો. યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી તથા શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજ તથા બંને ગાદીના સંતો-મહંતોની ઉપસ્થિતિમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ દીપ પ્રાગટ્ય કરીને ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથા ૬૦ કલાકની ધૂન તથા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન તથા શ્રીમદ્ ભાગવત પંચાન્હ કથાનો શુભારંભ કરાવ્યો હતો. સંતો અને ભૂદેવો દ્વારા ૬૦ જેટલા વિવિધ શાસ્ત્રોનો સંહિતાપાઠ થયો હતો. આ પ્રસંગે ભાગવત કથાના બંને મૂર્ધન્ય વિદ્વાન કથાકારો શાસ્ત્રી સ્વામી હરિજીવનદાસજી (હિંમતનગર) તથા શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) બંને વક્તાઓએ સુમધુર ભાવવાહી શૈલીમાં દૃષ્ટાંત સહિત કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પ્રસંગે **પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે "જ્યારે પૂ. બાપુજી સાથે અમે પ્રાણપ્રતિષ્ઠા કરવા ૬૦ વર્ષ પહેલાં ટોરડા આવ્યા ત્યારે અમારો ઉતારો તંબુમાં હતો. એ વખતે અહીં વાઘ આવતા. એવી લોકચર્ચાથી ડર લાગતો. જ્યારે આજે મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીએ સ્થાનનો ઘણો વિકાસ કર્યો છે."**

સમગ્ર ષષ્ઠિપૂર્તિ મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. નાથીબેન કાળીદાસભાઈ નરસિંહભાઈ પટેલ પરિવાર (ગુલાબપુરાવાળા) હસ્તે - સુપુત્રો ગાંડાભાઈ, વિષ્ણુભાઈ તથા અમૃતભાઈ ને (જે.ડી.એસ. કાસ્ટીંગ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ) પ.પૂ. મોટા મહારાજશ્રીએ આશીર્વચન પાઠવ્યા હતા. યજ્ઞના પાટલાના મુખ્ય યજમાનશ્રી સુરેશભાઈ ઈશ્વરભાઈ પટેલ (મંડાલી) તથા જેઠાભાઈ માવાભાઈ પટેલ (લાલોડા), શ્રી કે.કે. પટેલ (ડુંગરી), શ્રી બળદેવભાઈ સોમાભાઈ પટેલ (મોખાસણ), તથા શ્રી ભાલજા મંડળ અને શ્રી કાંતિભાઈ જોઈતારામ પટેલ આદિ ભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ લીધા હતા.

તા. ૧૫-૨-૨૦૧૩ ના રોજ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી બહેનોને દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. શ્રીમદ્ ભાગવત પારાયણના મુખ્ય યજમાનશ્રી જગદીશભાઈ રમણભાઈ પટેલ તથા શ્રી ઠાકોરભાઈ વશનજી પટેલે (સુરત) કથાનું શ્રવણ કરીને પોથી તથા વક્તાની આરતીનો લ્હાવો લીધો હતો.

તા. ૧૬-૨-૨૦૧૩ શનિવારે ૬૦ કુંડી મહાવિષ્ણુયાગનો પ્રારંભ થયો હતો. જેના મુખ્ય યજમાનશ્રી ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ (અમદાવાદ) હ. શરદભાઈ તથા જીગ્નેશભાઈ તથા ષષ્ઠિપૂર્તિ મહોત્સવના મુખ્ય યજમાન ડૉ. નિકીકુમાર પટેલ (ગુલાબપુરાવાળા) વગેરે યજમાનશ્રીઓ યજ્ઞમાં સજોડે જોડાયા હતા. શાસ્ત્રી કમલેશભાઈ ગોર યજ્ઞમાં આચાર્યપદે રહ્યા હતા. તે દિવસે સંપ્રદાયના મૂર્ધન્ય વિદ્વાન કથાકાર શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર) એ પોતાના પ્રેરણાદાયી આશીર્વચનમાં જણાવ્યું હતું કે ખુશાલ ભટ્ટની નિશાળ હજુ ટોરડામાં ચાલુ છે તે વિશે સુંદર વાત કરી. તેમજ ગુરુ અ.નિ. શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજીના શિષ્યમંડળની સેવાને બિરદાવી હતી. બીજા વ્યાખ્યાનકાર સંતોમાં - શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી અમદાવાદ), શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી, જેતલપુર), શાસ્ત્રી સ્વામી પૂર્ણપ્રકાશદાસજી (ધોળકા), શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) આદિ સંતોએ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીના મહિમાને ઉપદેશની વાતો વિસ્તારથી સમજાવી હતી. ઉપરાંત અમદાવાદ, મૂળી, વડતાલ, ભુજ, ગઢડા, જૂનાગઢ, વગેરે ધામોથી પધારેલ સંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સાંજના વક્તાશ્રીએ કૃષ્ણ જન્મોત્સવની કથા ખૂબ સારી રીતે વર્ણવી હતી. કૃષ્ણજન્મોત્સવમાં હજારો સત્સંગીઓ તથા સંતો મનમૂકીને નાચ્યા હતા. અને જયજયકાર થયો હતો.

તા. ૧૭-૨-૨૦૧૩ રવિવારે સાંજે ઠાકોરજીની વિશાળ શોભાયાત્રામાં આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બિરાજ્યા હતા. સાથે હજારો સંતો-હરિભક્તો તથા ખૂબ મોટી (૨૩૨) સંખ્યામાં બાઈક સવારો હાથમાં ધજા લઈને શોભાયાત્રામાં જોડાયા હતા. ગામ અક્ષરધામ તુલ્ય બન્યું હતું. સાંજે સભામાં પધારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ શોભાયાત્રાના યજમાન અમૃતભાઈ હીરાભાઈ પટેલ (લાલોડા) તથા સમગ્ર યજમાનોને રૂડા

આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ. લાલજી મહારાજશ્રીના પૂજનના યજમાનશ્રી ડૉ. હરિકૃષ્ણભાઈ જી. પટેલ (સાપાવાડા) તથા ૬૦ કલાકની અખંડ ધૂનના યજમાન સાંકીબેન નરસાભાઈ લાલાભાઈ (લાલોડા) તથા હિંમતનગર સત્સંગ સમાજે પ.પૂ. લાલજી મહારાજશ્રીની પૂજા-આરતીનો લાભ લીધો હતો.

તા. ૧૮-૨-૨૦૧૩ સોમવારે હજારો સત્સંગીઓ દૂરસૂદૂરથી ટોરડા મંદિરના પાટોત્સવના દર્શનનો લ્હાવો લેવા આવેલા. સવારે ૭-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના વરદ્ હસ્તે શ્રી ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજના મહાઅભિષેક ષોડશોપચારપૂર્વક કર્યો હતો. જેના દર્શનનો લાભ હજારો સંતો-હરિભક્તોએ લીધો હતો. ત્યારબાદ છપ્પનભોગ અન્નકૂટની આરતી થઈ હતી. છપ્પનભોગ અન્નકૂટના યજમાનશ્રી સ્વામિનારાયણ સેવા મંડળ, મુંબઈ હસ્તે - કીરીટભાઈ તથા ઘનશ્યામભાઈ શીવાભાઈએ (ખાંધલી) (યુ.એસ.એ.) પ.પૂ. મહારાજશ્રી તથા સંતોનો રાજીપો લીધો હતો. અન્નકૂટની આરતી પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ૬૦ કલાક અખંડ ધૂન તથા સમૂહ મહાપૂજાની પૂર્ણાહુતિ કરી હતી. તથા ૬૦ કુંડી મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ કરી સમાપ્તિનું શ્રીફળ હોમ્યુ હતું. વિશાળ સભામંડપમાં પધારીને તેઓશ્રીએ ભાગવત પંચાન્હ પારાયણની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના મુખ્ય યજમાન ગાંડાભાઈ, વિષ્ણુભાઈ તથા અમૃતભાઈ તથા કથાના મુખ્ય યજમાન ઠાકોરભાઈ તથા જગદીશભાઈ તથા પ.પૂ. મહારાજશ્રીના પૂજનના યજમાન શ્રી ગણેશભાઈ બહેચરદાસ પટેલ (વિહારવાળા) તથા ભૂમિદાનની સેવા કરનાર પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી, અમદાવાદ) તથા શ્રી અનિલભાઈ લક્ષ્મીપ્રસાદ પટેલ (નડીયાદ) તથા ડૉ. કે.કે. પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી, હિંમતનગર) તથા પ.ભ. દશરથભાઈ પટેલ (સ્કીમ કમિટી સભ્યશ્રી, અમદાવાદ) વગેરે હરિભક્તો તથા અન્ય યજમાનો પૂ. મહારાજશ્રીની પૂજા-આરતીમાં જોડાયા હતા. વિશેષ આજરોજ યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીની જન્મ જયંતી પ્રસંગ હોવાથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીની સાથે કેક કાપી સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની આરતી ઉતારી હતી. આ પ્રસંગે બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી ખાસ ઉપસ્થિત રહીને બહેનોને દર્શન અને આશીર્વચનનો લાભ આપ્યો હતો. પૂ. ગાદીવાળાશ્રીના પૂજનના યજમાનો નિરૂબેન જીતેન્દ્રભાઈ, વિશાલબેન દિલીપભાઈ, કિન્નરીબેન સમીરભાઈ તથા જાનકીબેન નિકીકુમારને આશીર્વાદ આપ્યા હતા.

સભાના સમાપન પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. રઘુવીરચરણ સ્વામી (સોકલી) વગેરે સંતોએ મહંત સ્વામીના પુરુષાર્થ અને વિકાસની પ્રશંસા કરી હતી. મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજીએ પોતાના પ્રવચનમાં બધા જ મુદ્દાઓ આવરી લીધા હતા.

તમામ નાના-મોટા યજમાનોનો આભાર માન્યો હતો. મંડળના સર્વે સંતો તથા ષષ્ઠિ પૂર્તિની તૈયારીમાં બે મહિના પૂર્વેથી આવેલ સા.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી (કલ્યાણપુરા) તથા શાસ્ત્રી સ્વામી આનંદજીવનદાસજી (હરિદ્વાર)નો આભાર માન્યો હતો. સહિંતાપાઠી સંતો, ભૂદેવો તથા ખાસ કરીને ટોરડા ગામનો આભાર માન્યો હતો. આખી રાત વરસાદ પડ્યો છતાં ગોપાળાનંદ સ્વામીની કૃપાથી જરાપણ નુકશાન થયું ન હતું. ગામવાળાઓએ લાખો રૂપિયાનું સીધું સાચવ્યું. ઉતારા માટે ગામવાળાઓએ પોતાના ઘર સમર્પણ કરી દીધા તેમને પણ યાદ કરીને નવાજ્યા. ગામોગામથી આવેલા સ્વયંસેવક ભાઈ-બહેનોએ ઉભા પગે રહીને પીરસવાની, યજ્ઞની, વાસણની સ્ટેજ વગેરેની સેવા દિપાવી તેમને સાદર સંભાર્યા. **વિશેષમાં આ મહોત્સવમાં સમગ્ર ધર્મકુળ આવ્યું એ ઘણો મોટો અલૌકિક લ્હાવો હતો.** બંને વક્તાશ્રીઓ તથા સહિંતાપાઠની વ્યવસ્થા કરનાર સત્યસંકલ્પ સ્વામી (ઈડર), સભા સંચાલક શાસ્ત્રી શ્રીજીપ્રકાશદાસજી (સોકલી), શાસ્ત્રી પ્રેમપ્રકાશદાસજી વિગેરે સંતો મહંતોનો આભાર માન્યો હતો. સુવર્ણ સિંહાસનના દાતાઓ, ભૂમિદાન કરનારાઓ તથા ધામોધામથી પધારેલ સંતો-મહંતો, ગામમાં રોડ અને ગટર લાઈનની

સેવા કરનારાઓ તથા સંતો અને હરિભક્તોના મોટા રસોડામાં સેવા કરનારા સર્વે સંતોનો તથા સ્વયંસેવકોને માર્ગદર્શન આપનાર પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજાનો હૃદયથી આભાર માન્યો હતો. મહોત્સવના ઉપલક્ષમાં ૧૦૦ કરોડ મહામંત્રોનું લેખન થયું તેમને પણ હૃદય પૂર્વક અંતરથી ધર્મકુળે આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પોતાના આશીર્વચનમાં મહંત સ્વામીની સેવા બદલ ખાસ સન્માનિત કર્યા હતા તથા મંદિરમાં રહીને સેવા બજાવતા જે.પી. સ્વામી, મંદિરનું સુચારું સંચાલન કરતા મોહન ભગત, સચિન ભગત, જીતેન્દ્ર ભગત, લખન ભગત, ગોલુ ભગત, ગોપાલ ભગત તથા અતુલ ભગતને હાર પહેરાવીને આશીર્વાદ આપ્યા હતા.

ષષ્ઠિ પૂર્તિના ઉપલક્ષમાં બ્લડ ડોનેશન કાર્યક્રમ તથા રાત્રી કાર્યક્રમોમાં મહિલાઓ માટે મહિલા મંચ કાર્યક્રમ અંતર્ગત પ્રેરણાદાયી નાટકો, પ્રવચનો થયા હતા. મહારાસ (ગરબા) તથા સત્સંગ ડાયરો તથા માણસાના ડૉ. પી.એમ. પટેલ દ્વારા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. ટોરડા ગામના બાળકોએ પણ સુંદર પ્રેરણાત્મક નાટકો ભજવ્યા હતા. સમગ્ર પ્રસંગ ગોપાળલાલજી મહારાજશ્રીની કૃપાથી અને ધર્મકુળના રાજીપા-આશીર્વાદથી ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાયો.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

| | |
|---|---|
| જેતલપુર : www.jetalpurdarshan.com | મહેસાણા : www.mahesanadarshan.org |
| છપૈયા : www.chhapaiya.com | ટોરડા : www.gopallalji.com |
| નારણઘાટ : www.narayanghat.com | વડનગર : www.swaminarayanmandirvadnagar.com |
| પ્રયાગ : www.prayagmilan.org | અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com |

શ્રી સ્વામિનારાયણ માસિક પ્રકાશનની માલિકી અંગેની માહિતી.

**From-IV (see Rule : 8)**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશન સ્થળ | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧ |
| ૨. | પ્રકાશન સમય | : | માસિક દર મહિને |
| ૩. | મુદ્રકનું નામ | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૪. | તંત્રીનું નામ | : | મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |
| ૫. | માલિક (સંસ્થાપક) | : | **શ્રી નરનારાયણ દેવની ગાદીના અધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** |
| | રાષ્ટ્રીયતા | : | હિન્દી |
| | સરનામું | : | શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧. |

હું શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આથી જાહેર કરું છું કે ઉપર બતાવેલી બાબતો મારી જાણ અને સમજ મુજબ સાચી છે.

**સહી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, મહંત સ્વામી**
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧


# ગોપાળાનંદ સ્વામીની સ્કુલ

- શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (ગાંધીનગર)

ખુશાલ ભટ્ટની સ્કુલમાં જો ભણવા આવશો તો એ સંસારમાંથી હાથ ઝાલીને તરત જ ઉંચકી લેશે ! ક્યાંય ડુબવા નહી દે. હવે પ્રશ્ન એ થાય છે કે ટોરડામાં ખુશલાભટ્ટે જે સ્કુલ ચાલુ કરી હતી. ખુશાલ ભટ્ટે ચાલું કરેલી એ ટોરડાની સ્કુલ બંધ જ થઈ ગઈ, એ વખતે જ ? ના યાદ રાખો. ખુશાલ ભટ્ટ એટલે ગોપાળાનંદ સ્વામી એમની એ સ્કુલ ચાલું છે, ચાલું છે, ચાલું છે. આપણે બધા એ સ્કુલમાં બેઠા છીએ. અને ગોપાળાનંદ સ્વામી જાતે પિરીયડ લે છે. યાદ રાખજો, ગોપાળાનંદ સ્વામીના પિરીયડની એક વાત સંભળાવું.

સ્વામી કહે છે કે જીવનમાં પોતાનો સત્સંગ નિર્વિઘ્ન રાખવો હોય, પોતાના આત્માના કલ્યાણમાં ક્યાંય વિઘ્ન ન આવે એવું ઈચ્છતા હોય એણે આ નવ વાના બરાબર સિધ્ધ કરી રાખવા. પોતાના જીવનમાં આ નવ બાબતો બરાબર દૃઢ કરી રાખવી. છે ને આ પિરીયડ ખૂબ સાંભળવા જેવો ? મોક્ષમાં વિઘ્ન ન આવે એવું જો ઈચ્છતા હોઈએ, સ્વામિનારાયણ ભગવાનના ધામમાં જવામાં વચ્ચે કોઈ વિક્ષેપ ન આવે એવું ઈચ્છતા હોઈએ, આપણો આ સત્સંગ અખંડ રહે, આપણા પરિવારમાં સત્સંગની એ પરંપરા રહે એવું ઈચ્છતા હોઈએ તો આ નવ બાબતો પાકી કરી રાખવાની.

ગોપાળાનંદ સ્વામીની વાતો નસના ઈંજેકશન જેવી છે. સહુથી પહેલી બાબત - દૃઢ ઉપાસના, આપણા ઈષ્ટદેવ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન સર્વ કર્તા, સર્વ હર્તા એ એક જ વાત. હું સુખી છું - સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી, હું દુઃખી થયો સ્વામિનારાયણ ભગવાનની ઈચ્છાથી. ભગવાનના ભક્તને ક્યાંય બીજો વિચાર ન આવે. ઘણાને નવગ્રહ નડતા હોય છે. કોઈને દસમો નડતો હોય પણ ભગવાનનો ભક્ત હોય એને કોઈ ગ્રહ નડે નહીં. છતાંય દુઃખી થતો હોય તો ભગવાનની આજ્ઞા લોપવાથી કદાચ ભગવાન જ શિક્ષા કરતા હોય. આ ખુલાસો શ્રીજી મહારાજે વચનામૃતમાં કર્યો છે. કાળ, કર્મને માયાનો શો ભાર છે કે ભગવાનના ભક્તને પીડી



શકે !! પણ જેટલું દુઃખ આવે છે એ આજ્ઞા લોપવે કરીને આવે છે. એટલે કે સ્વામિનારાયણ ભગવાનની આવી સર્વોપરીતાની ઉપાસના દૃઢ જોઈએ.

બીજી વાત - નિયમમાં દૃઢતા. આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને જે નિયમ ધરાવ્યા હોય, નિયમ એટલે પંચ વર્તમાન - દારૂ, માટી, ચોરી, અવેરી અને વટલવું - વટલાવવું નહીં આ પંચવર્તમાન એ નિયમનો પાયો છે. આ નિયમ આપણને કાયમ યાદ રહે એટલે પ્રેમાનંદ સ્વામીએ પ્રાર્થનાનાં પદમાં ગુંથી લીધા. 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ નિશ્ચય તવ ઘનશ્યામ.....'' એમાં અગિયાર નિયમો આવે એનો સમાવેશ આ પાંચમાં જ થાય છે. એટલે જેમ દૃઢ ઉપાસના તેમ બીજી બાબત નિયમમાં દૃઢતા. નિયમમાં કાચો-પોચો ન ચાલે. મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે પાકો હરિભક્ત કોણ ? નિયમ,

નિશ્ચય અને પક્ષ જેમાં દઢ હોય એ પાકો કહેવાય.

ત્રીજી બાબત - શુભ દેશમાં રહેવું. શુભ દેશ એટલે ? જ્યાં સંતો રહેતા હોય, જ્યાં મંદિરો હોય, જ્યાં કથા-વાર્તાનો યોગ થતો હોય આ શુભ દેશ, ત્યાં રહેવું. પાંચ-પચીસ ભલે ઓછા મળતા હોય પણ સત્સંગનો યોગ રહેતો હોય એનું નામ શુભ દેશ.

ચોથી બાબત - શુભકાળમાં રહેવું. શુભ કાળ એટલે કે સારો સમય. સવારના બ્રાહ્મમુહૂર્ત. એ વખતે પૂજા-પાઠ, માળા, ધ્યાન કરવું. સાંજનો સંધ્યા સમય. શિક્ષાપત્રીમાં આજ્ઞા છે કે મંદિરમાં જવું. કથાવાર્તા કરવી, સાંભળવી આ બધું શુભ કાળ.

પાંચમી વાત - મન, કર્મથી અને વચનથી સંતોનો પ્રસંગ રાખવો. મનથી, કર્મથી વચનથી. મનથી સંતો સાથે હેત હોય, વચનથી સાધુ પુરુષ પ્રત્યેની પ્રશંસા થાય. કર્મ એટલે સંતની સેવા. મન-કર્મ-વચનથી સંતોનો પ્રસંગ રાખવો. જરૂર પડે ને સ્વભાવ આડો આવતો હોય તો સ્વભાવ છોડવો પણ સંતોનો સંગ ક્યારે પણ છોડવો નહીં. કેટલી બાબતો થઈ ભાઈ ? યાદ રાખજો, ગોપાળાનંદ સ્વામીની સ્કુલનો આ પિરીયડ ચાલે છે.

છટ્ઠી વાત - ઉત્તમ શ્રધ્ધાવાન થવું. સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા દેવ, સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા આચાર્ય મહારાજ, સ્વામિનારાયણ ભગવાનના શાસ્ત્રો - શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ વગેરે... અને સ્વામિનારાયણ ભગવાનના આ સંતો, સ્વામિનારાયણ ભગવાનના આ સત્સંગીઓ..... વાહ.... વાહ...... એના સ્વામિનારાયણ ભગવાનના આ સંતો, સ્વામિનારાયણ ભગવાનના આ સત્સંગીઓ....... વાહ..... વાહ..... એના પ્રત્યે શ્રધ્ધા. એ જે કહે છે એ સ્વામિનારાયણ ભગવાને જ કહ્યું છે એમાંજ મારૂં શ્રેય છે. એમાં જ મારૂ કલ્યાણ છે.

બધા ભક્તો સરખા ન હોય......... આપણે સરખાવીએ. દા.ત. રેલ્વેના બધા ડબ્બામાં સરખી સગવડ હોતી નથી. કેટલાક ડબ્બામાં સૂતા સૂતા જતા હોય છે. હો.... લાંબી, પહોળી સીટો હોય, ઉપર પંખા ફરતા હોય તો કેટલાક ડબ્બામાં બેઠા બેઠા જતા હોય છે ને કેટલાંક ડબ્બા એવા હોય છે હકડેઠઠ, ગીચોગીચ અંદર ઉભા ઉભા મુસાફરી કરતાં હોય છે. જેની જેવી શક્તિ. જેની બહુ સારી શક્તિ હશે એ સૂતા સૂતા જાય. **AC1**, ફર્સ્ટકલાસ અને કદાચ જેની શક્તિ નહી હોય એ જનરલમાં ઉભા ઉભા જતા હશે. બધુ સારું પણ એ ગાડીમાં બેઠાને એ ગાડી પાટા ઉપર હોય ત્યાં સુધી પેલા ફર્સ્ટકલાસ વાળા, એ.સી. કોચ વાળાને ઉભા ઉભા મુસાફરી કરવા વાળા બધા એક સાથે પ્લેટફોર્મ ઉપર પહોંચશે. પણ જો ગાડી પાટો ચૂકે તો ?? તો ફર્સ્ટકલાસવાળા હોય કે થર્ડકલાસ વાળા હોય - નક્કી નહી. બીજે દહાડે છાપામાં નામ કોનું આવે. એટલે એવા શ્રધ્ધાવાળા થાય કે સ્વામિનારાયણ ભગવાને સ્થાપેલા પાટા - આજ્ઞાને ઉપાસના એમાંથી ક્યારે પણ ચલિત થવું નહીં. આનું નામ કહેવાય - દઢ શ્રધ્ધા.

હવે આવે છે સાતમો નંબર - આ સત્સંગ છે ને વિશાળ સમાજ છે, હજારો સંતો છે, બ્રહ્મચારીઓ છે, પાર્ષદો છે, લાખો હરિભક્તો છે એ સૌના ગુણગ્રાહી થવું. દરેકમાંથી ગુણ લેવો. વાહ ! આવડો નાનો બાબો કીર્તન બોલ્યો ને, ધન્યવાદ છે. ઓ..હો.... આ ભક્તો આટલી સેવા કરે છે ! ઓ....હો... આ સંતો કેટલું કામ કરે છે ! કેટલો પરિશ્રમ કરે છે. જેને ગુણગ્રાહી દષ્ટિ છે એને સત્સંગમાં સતયુગ ચાલે છે. આ સત્સંગમાં એને આનંદ, આનંદને આનંદ છે. ગોપાળાનંદ સ્વામી કહે છે કે સત્સંગમાં સર્વત્ર ગુણગ્રાહી બનવું. જેથી હૃદયમાં પરમાનંદ રહેશે.

પછી આઠમો નંબર આવે છે - દેહાભિમાન છોડવું. ઘણીવાર કોઈને વિદ્યાનું માન હોય, કોઈને હોદ્દાનું માન હોય, કોઈને પૈસાનું માન હોય... કોઈને કાંઈ ને કાંઈ માન હોય. દેહાભિમાન જે દેહ સાથે સંકળાયેલું અભિમાન એ છોડતાં શીખવાનું. આપણા આ સંપ્રદાયમાં રિવાજ છે જે દંડવત કરીએ છીએ ત્યારે એક વાતનું ધ્યાન રાખવાનું. તમે કોઈ બસમાં જાવ કે રેલ્વેમાં જાવ તો ખિસ્સામાંથી રૂમાલ કાઢી અને સીટ સાફ કરીને બેસો પણ મંદિરમાં દંડવત્ કરવાના હોય ત્યાં ક્યારે પણ સાફ કરવું નહી. એમને એમ દંડવત્ કરવા. એ ધરતી પર હજારો હરિભક્તો, સંતોના પગલાં પડ્યાં હોય એ ધરતીની રજ

સીધી આપણી છાતીને અડેને - ''અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.....'' કુંભના મેળામાં જવાથી જે ફળ ન મળે એ ફળ આપણા મંદિરમાં દંડવત્ કરવાથી મળી જાય છે. માટે દેહાભિમાન છોડવું.

હવે આવે છે નવમી વાત - નવમાં માં ગોપાળાનંદ સ્વામી કહે છે - એક મંડળના થઈને રહેવું, એક મંદિરના થઈને રહેવું પણ અધરિયા ન રહેવું. આ શબ્દ વાપર્યા છે. અધરીયા કોઈનાય નહીં. અમદાવાદ શહેરમાં તમે જાવ, મોટું શહેર મુંબઈ જાવ કે બેંગ્લોર જાવ કે દિલ્હી જાવ પણ તમારા મનમાં તમારા ઘરનું સરનામું તો રમતું જ હોય. કોઈ કહે, ક્યાં રહો છો ? એટલે તરત પેલું સરનામું યાદ આવે. એમ જીંદગીમાં કોઈ સંત સાથે, કોઈ સ્થાન સાથે પોતાના જીવને બાંધેલો રાખવાનો - કે ભાઈ ! હું આમનો છું, અમે આ મંદિરના છીએ, આ સંપ્રદાયના છીએ.... ગૌરવભેર જીવવાનું. સહજાનંદીસિંહ બનીને જીવવાનું, શિયાળવા બનીને નહીં. અત્યારે સરકાર લાખો રૂપિયા ખર્ચીને સિંહ બચાવે છે. ક્યાંય છાપામાં એવું આવ્યું કે શિયાળીયા બચાવવા માટે સરકારે લોન મંજૂર કરી !! શુરવીર ભક્ત બનો - સહજાનંદીસિંહ જેવા. કોઈ એક મંડળ કે એક મંદિર પ્રત્યેનું મમત્વ જોડાયેલું રહે એ એટલા માટે ફાયદો કરે છે કે જે સંત સાથે તમને પ્રેમ હોય એ સંત તમને રસ્તા વચ્ચે ઉભા રાખીને કહે કે - ભાઈ ! કેમ દેખાતો નથી ? કેમ ભજન-ભક્તિમાં મોળો પડી ગયો છે ! જેની સાથે મન બાંધેલું હોય ને એ વઢી શકે, બધાને તો વઢે નહીં.

માટે આ નવ બાબતો ગોપાળાનંદ સ્વામીએ સમજાવી છે, વર્ણવી છે એ યાદ રાખજો કે ગોપાળાનંદ - સ્વામીએ સ્થાપેલી એ ટોરડાની સ્કુલ ચાલું છે, ચાલું છે ને ચાલું છે. અને જેને હજુ પણ સ્વામીના પિરીયડ ભરવા હોય તો આપણા અહીંના મહંત સ્વામી તેમણે ગોપાળાનંદ સ્વામીની વાતોનું પુસ્તક મંદિરથી બહાર પાડેલું છે, આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી. એ પુસ્તકમાંથી આ ફક્ત એક જ નવ બાબતો વાળી વાત સંભળાવી, બાકી ઢગલા બંધ વાતો છે. સ્વામીએ તો એટલી બધી વાતો કહી છે - અગાધ સાગર જેટલી.

ભજનના પ્રકારો, ઉપાસનાના પ્રકારો, સ્વામિ નારાયણ ભગવાનનો મહિમા, માહાત્મ્ય સમજવા માટે સ્વામીની વાતો જરૂર વાંચવા જેવી છે.

(ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં આપેલા પ્રવચનના આધારે - સં. શાસ્ત્રી હરિપ્રિયદાસ)

## અંકમાં પ્રકાશન માટે

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં જે સત્સંગ સમાચાર પ્રકાશન માટે મોકલો છો તે ખૂબજ ટૂંકા મુદ્દાસર અને સારા અક્ષરથી લખીને ૨૦ તારીખ સુધીમાં મોકલી આપવા.**

## આપણા આગામી ઉત્સવ

**ચૈત્ર વદ-૨** તા. ૨૭-૪-૨૦૧૩ શનિવાર માંડવી (કચ્છ) શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

**ચૈત્ર વદ-૩** તા. ૨૮-૪-૨૦૧૩ રવિવાર **પ.પૂ. મોટામહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ.**


**વૈશાખ સુદ-૩** તા. ૧૩-૫-૨૦૧૩ સોમવાર અખાત્રીજ ઠાકોરજીને ચંદનના વાધાના દર્શન, ઉનાવા મંદિર પાટોત્સવ.

**વૈશાખ સુદ-૫** તા. ૧૫-૫-૨૦૧૩ બુધવાર શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ પાટોત્સવ, સર્વોપરિ છપૈયાધામ બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

**વૈશાખ સુદ-૬** તા. ૧૬-૫-૨૦૧૩ ગુરુવાર માણસા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

**વૈશાખ સુદ-૧૦** તા.૨૦-૫-૨૦૧૩ સોમવાર મથુરા (યુ.પી.) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી



શ્રીનરનારાયણ હરિકૃષ્ણ સત્ય છે

સ્વસ્તિ શ્રી અમદાવાદ મહાશુભ સ્થાને સર્વ શુભ ઊપમા યોગ્ય ચોપદાર કુબેરસંધજી પ્રત્યે શ્રીગઢડેથી લિ. સ્વામી સહજાનંદજી મહારાજના નારાયણ વાંચજો અવરંચ લિખવા કારણ એમ છે જે ઠક્કર લાધા તથા હરજીને સરકારમાં કામ છે તે બાબત એમનું માણસ તમ પાસે આવ્યું છે તેની હકીકત એમના કાગળમાં લખી છે તે પ્રમાણે તેમનું કામ સર લઈને કરજો એ વાતમાં ઢીલ કરશો ॥ સંવત ૧૮૮૧ ના માગશર સુદી-૧૪ રવિવારે લખ્યો છે લેખક શુકમુનિના નારાયણ વાંચજો.

ચોપદાર કુબેરસંઘજીને પત્ર પોચે અમદાવાદનો છે.

ઉપરોક્ત પત્ર મ્યુઝિયમના હોલ નં ૨માં દર્શનાર્થે મુકવામાં આવેલ છે.

ફાગણ સુદ ત્રીજનો દિવસ આપણા સત્સંગ માટે હવે બેવડા આનંદનો દિવસ બની ગયો છે. શ્રી નરનારાયણદેવ ની પ્રતિષ્ઠાતિથિ ની સાથે સાથે શ્રી નરનારાયણ દેવ પીઠસ્થાનના વિશ્વના અજોડ એવા આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો પણ એ સ્થાપના દિવસ છે. આ વખતે તા૧૪-૩-૨૦૧૩ના દિવસે મ્યુઝિયમનો બીજો સ્થાપના દિન ખૂબજ ધામધૂમથી ઉજવાયો હતો. શ્રીજી મહારાજના ત્રણેય અપર સ્વરૂપની સાથે સાથે ૧૦૮ યજમાનોએ અભિષેક અને સમૂહ મહાપૂજાનો લાભ લીધો હતો. પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રસન્નાર્થે હરિભક્તો મુખ્ય યજમાન બન્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રીએ વારા ફરતી અભિષેક કરી સૌ યજમાન પરિવારને દિવ્ય આનંદ આપ્યો હતો. ત્યાર બાદ ૧૨નંબરના હોલમાં કીર્તન ભક્તિ તથા યજમાનોને સન્માનવાનો ટૂંકો પણ યાદગાર કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં પ.પૂ.મોટા મહારાજશ્રી અને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનનો સૌને લાભ પ્રાપ્ત થયો હોઈ સૌ કોઈના આનંદની કોઈ સીમા નહોતી રહી. ત્યારબાદ મહાપ્રસાદલઈ સૌ આનંદવિભોર અવસ્થામાં છુટા પડ્યા હતા.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સ્થાપિત પ્રસાદીની વસ્તુઓમાં પ્રભુની એક અલૌકિક મહક છે. જે આજે ભારત વર્ષમાજ નહી પરંતુ વિશ્વફલક ઉપર ફેલાઈ છે. આ સુગન્ધની પરાગ ને પ્રફુલ્લિત કરીને દિગ્દિગન્ત સુધી ફેલાવનાર પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તપશ્ચર્યાનું આ ફળ છે. આવી વાત વિદેશની ધરતી યુ.એસ.એ. થી આવેલા ડૉ. શ્યામનારાયણ શુકલજી તથા ગુજરાત સરયુપારી બ્રાહ્મણ સમાજના અધ્યક્ષ (મહાકાલી મંદિર અને મહા લક્ષ્મી મંદિરના અધ્યક્ષ) શ્રી શશિકાન્ત તિવારીજી તથા બ્રાહ્મણ સમાજના અગ્રગણ્ય વિદ્વાનોએ પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની અને પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન પ્રસંગ સમયે આ વાત કરી હતી. એના સિવાય ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણની પ્રસાદીભૂત એવી વસ્તુઓનું હાર્દ સમજીને અને પ.પૂ. મોટા મહારાજશ્રીના ત્યાગ ભાવ ને જાણીને અને તેમના ઉદાત્ત ચરિત્ર અને તપશ્ચર્યાનું આ એક જીવંત ઉદાહરણ છે એમ સૌએ કહ્યું. -આવી રીતે આગન્તુક મહેમાનોએ અનેકાનેક આનંદાનુંભવના ઉદ્‌ગારો વ્યક્ત કર્યા હતા.

- ડૉ. વાચસ્પતિ મિશ્રઃ (પ્રધાન પંડિત) શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - માર્ચ-૨૦૧૩

| | |
|---|---|
| રૂા. ૧,૦૦,૦૦૦/- | સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી ગુરુ સ્વામી ગોવિંદપ્રસાદદાસજીના હેતરૂચિવાળા હરિભક્તો તરફથી, અમદાવાદ, કાલુપુર |
| રૂા. ૧૮,૦૦૦/- | અ.નિ. મહંત સાંખ્યયોગી ધનબાઈની પારાયણ પ્રસંગે ભુજ (કચ્છ) |
| રૂા. ૧૮,૦૦૦/- | સાંખ્યયોગી નીતાબાઈ |
| રૂા. ૧૮,૦૦૦/- | સાંખ્યયોગી સવિતાબાઈ |
| રૂા. ૧૮,૦૦૦/- | સાંખ્યયોગી લતાબાઈ |
| રૂા. ૧૮,૦૦૦/- | સાંખ્યયોગી દક્ષાબાઈ |
| રૂા. ૧૦,૦૦૦/- | સાંખ્યયોગી જયાબાઈ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શ્રી પ્રવિણભાઈ નારણભાઈ પટેલ - નવરંગપુરા હ. દેવર્ષકુમાર |
| રૂા. ૫૮,૦૦૦/- | એક ધર્મકુળ હરિભક્ત, અમદાવાદ |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી વારાહી ખોડીયાર યુવક મિત્ર મંડળ, ધમાસણા. |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી ધીરજભાઈ કરશનભાઈ પટેલ, અમદાવાદ. |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી હિતેશભાઈ મુળજીભાઈ પટેલ - મેમનગર. |
| રૂા. ૧૧,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર - ઘાટલોડીયા |
| રૂા. ૭,૫૦૦/- | ઈડર કસ્બા મુસ્લિમ મોટી જમાત |
| રૂા. ૭,૫૦૦/- | ઈડર મનસુરી (ઘાંચી) જમાત |
| રૂા. ૫,૧૦૦/- | ભાઈલાલભાઈ પોપટલાલ પટેલ - જોષીપુરા વિરમગામ |
| રૂા. ૫,૧૦૦/- | શ્રી ઈશ્વરભાઈ કાનાભાઈ ચૌધરી - માણેકપુર |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. બળવંતસિંહ વિસુભા વાઘેલા, કાણોટી-સાણંદ. |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ - બાપુનગર |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ.જીવાભા - અ.નિ.જીવુમાના સ્મરણાર્થે હ.લક્ષ્મણભાઈ જે. ચાવડા, જીજ્ઞેશ લક્ષ્મણભાઈ ચાવડા (બળોલવાળા) |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - માર્ચ-૨૦૧૩

તા. ૧૪-૩-૧૩ મ્યુઝિયમના દ્વિતીય વાર્ષિકોત્સવ નિમિત્તે સમૂહ મહાપૂજા

તા. ૨૬-૩-૧૩ નેહાંગ દિનેશભાઈ સાવલિયા - નવા નરોડા


### ફક્ત વોડાફોન ધારકો માટે

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું. મોબાઈલમાં ટાઈપ કરો ct 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

**નોંધ : ct ટાઈપ કર્યા પછી એક સ્પેસ છોડી 270930 ટાઈપ કરવું.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## વાલજીભાઈ જેવા શૂરવીર બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ધીમે ધીમે ઉનાળો પોતાનું વર્ચસ્વ જમાવતો જાય છે. ગરમીનો પારો ઉંચે આવતો જાય છે અને બજારમાં ટેટી, તરબુચ, દ્રાક્ષ વગેરે ઉનાળાના ફળોનું પહેલાં જાણે કે રાજાની અસવારીની જેમ વિવિધ ફળોનું આગમન થઈ ચૂક્યું છે. અને હવે પછી ફળોનો રાજા એટલે કે કેરીનું આગમન થશે ત્યારે ''રસ આંબા ગુજરાત'' ગુજરાત જેવી મજા ક્યાંય નહીં.

એટલે જ તો સ્વામિનારાયણ ભગવાન સંતોને હરિભક્તોને કહે છે કે ઉનાળો આવ્યો માટે રસરોટલીનો આનંદ તો ગુજરાત જેવો ક્યાંય નહી આવે. તો ચાલો આ વખતે આપણે જેતલપુર જઈએ. અને સ્વામિનારાયણ ભગવાન સંતો-હરિભક્તો સાથે જેતલપુર પધાર્યા. મહોલમાં ઉતારો કર્યો. હરિભક્તો કેરીઓ લાવવા માંડ્યા. મહારાજ પણ મોજમાં હતાં અને સાથે આવેલા ભક્તોને ટોપલો ભરીને કેરીઓ ચૂસવા આપી. દરેક સંતોને દસદસ કેરી ચૂસવા આપી અને કહ્યું કે. હા..... રસ-રોટલી જમવાની જગ્યા પણ રાખજો. આ રીતે દરરોજ જેતલપુરમાં મહારાજ સ્વયં રસરોટલીનો થાળ સ્વીકારતા અને સાથેના સંતોને-ભક્તોને પણ બરાબર જમાડતા.

સ્વામિનારાયણ ભગવાન જેતલપુર પધાર્યા છે એ વાત દૂરસુદૂર ગામે ગામ નગરે નગર પહોંચેલી. એવી જ રીતે સુથરામપુરના ભક્તોને પણ ખબર પડી કે પ્રભુ જેતલપુર બિરાજે છે તો ભગવાનનાં દર્શન કરવા જઈએ. મોટી સંખ્યામાં બહેનો તો સંઘ તૈયાર થયો, સાથે કોઈ ભાઈઓ નહીં. એકલા બહેનો કેવી રીતે જઈ શકે !!

ત્યાં તો ભગવાનના ભક્તોની સેવામાં એજ ગામના એક શુરવીર ભક્ત વાલજીભાઈ ભૂદેવ આગળ આવ્યા. ખભે તીર અને કામઠાં લટકાવેલાં હતાં. બહેનો ડરશો નહીં. મહારાજના દર્શને જવું જ છે ને ? હા, હા... તો હું તમારી સાથે આવીશ. થાઓ તૈયાર......... ઘરે જઈ બધી બહેનો રસ્તામાં ભાથાંની તૈયારી કરવા માંડ્યા. વાલજીભાઈએ પણ ઘેર જઈ પોતાના માટે ટીમણ તૈયાર કર્યું. અને બીજે દિવસે વહેલી પરોઢે ભગવાનના દર્શને જવાનો સંકલ્પ કરી શ્રીહરિના જયઘોષ સાથે સંઘ ચાલવા માંડ્યો. પરસ્પર જય સ્વામિનારાયણ.... જય સ્વામિનારાયણ બહેનો કહેતી જાય... મહારાજના ચરિત્રોની વાતો કરતી જાય અને આમ ચાલતાં ચાલતાં ક્યાંય નાનું ગામ આવે ત્યાં બપોરા કરે અને પાછાં ચાલે. બીજે દિવસે સાંજે તો પહોંચી જવાનું હતું. સાંજ પડવા આવી હતી. સૌ પોતપોતાના તાનમાં પ્રભુ સ્મરણ સાથે ચાલતા હતા. ત્યાં ઝાડીમાંથી અવાજ આવ્યો... શબૂર કોઈએ આગળ વધવાનું નથી. ત્યાંજ થોભી જાવ !!! નહીં તો એક એક ને મારી નાંખીશું. આવો અવાજ કરતાં કરતાં આઠ-દસ ઘોડેસવાર બુકાની બાંધેલા અને તીરકામઠાંથી સજ્જ લૂંટારાઓ સામે આવીને ઉભા રહ્યા.

સાંજનો વખત.... અને એકલી બહેનો બધી ગભરાઈ ગઈ. અને મહારાજને યાદ કરવા લાગી. ત્યાં આગેવાન લુંટારાએ વાલજી ભૂદેવને કહ્યું, જીવવું હોય તો તારા તીરકામઠાં નીચે ફેંકી દે.

ત્યારે પેલી કહેવત છે ને તે મુજબ......

ચિતાએ ચડેલી સતી છૂપે નહીં,
રીડ પડે, રજપૂત છૂપે નહી,
ભીડ પડે, શૂરવીર છૂપે નહીં.

જેમ અષાઢી મેઘ ગાજે એવા ઘેરા અવાજે વાલજીએ કહ્યું. જ્યાં સુધી મારા ખોળીયામાં પ્રાણ છે ત્યાં સુધી આ તીરકામઠાં મારા હાથમાંથી છૂટશે નહિ અને તમારા જેવા ઘેટાંના ટોળાને વિખેરવા એક સિંહ બસ છે !!! મારા જીવતાં તો એક પણ બહેનને હાથ અડાડી શકશો નહિ અને લૂંટી પણ નહી શકો..... શાબદા થાવ..... !!

લૂંટારાઓએ સનનન કરતા તીરની ઝુડી વરસાવવા માંડી. પરંતુ રામ રાખે તેને કોણ ચાખે !! અંતર્યામી ભગવાને બધું જ જાણી લીધું અને ભક્ત રક્ષા માટે એવું તો ઐશ્ચર્ય બતાવ્યું કે લૂંટારાઓએ છોડેલા તીર સીધાં જવાની બદલે બધાં ત્રાંસા જાય, વાલજી ઉપર એકેય આવે નહી

અને વાલજીને વાગે નહીં. અને વાલજી જે તીર છોડે તે સીધા લૂંટારાની સામે જ જાય. અને સાથે સંઘના બહેનો પણ જેવાં તેવાં નહી હો. ઝાંસીની રાણીની યાદ અપાવે એવાં શુરવીર બહેનો હતાં. ડરપોક નહીં. ગભરાવાને બદલે, ભાગવાને બદલે આજુબાજુથી તીર વીણી વીણીને વાલજી વિપ્રને પુરાં પાડે. આમ, વાલજીભાઈ પાસે તીરનો પુરવઠો પુરતો રહેતો. પાંચ-છ જણા ઘાયલ થયા. બાકીના ત્રણ-ચાર મારતે ઘોડે પાછા વળી ગયા. શ્રીહરિની ઈચ્છાથી વાલજીભાઈને લૂંટારાઓનું એક પણ તીર વાગ્યું નહી. કે કોઈ પણ બહેનને કંઈ જ નુકશાન થયું નહી.

આ બાજુ અંતર્યામી મહારાજે આઠ-દસ બંધુકધારી પાર્ષદોને સંઘની રક્ષા માટે ઘોડા સાથે રવાના કર્યા. પાર્ષદો સંઘ પાસે આવી પહોંચ્યા અને વાલજીભાઈ તથા સંઘની બહેનો ખૂબ જ જેતલપુર સુખરૂપ આવી ગયા. તે સમયે સભા ચાલું જ હતી. સ્વામિનારાયણ ભગવાન સભામાં બિરાજમાન હતા ત્યાં સંઘે આવીને મહારાજના દર્શન કર્યા. મહારાજે સૌથી પહેલાં તો બહેનોએ દાખવેલી હિંમત બદલ બધાં જ બહેનોને પ્રસાદીના હાર આપ્યા. આજે તો શુરવીર ભક્ત બહેનોનું કામ થઈ ગયું. પછી વાલજીભાઈને ભેટીને છાતીમાં ચરણારવિંદ આપી બધાના ખબર અંતર પૂછ્યા. રસ્તામાં બનેલી બધી જ ઘટના સભામાં ભક્તોએ જાણી, સહુને આશ્ચર્ય થયું.

હા, તો મિત્રો ! હવે ખબર પડીને વાલજીભાઈ કેવા શુરવીર ભક્ત હતા અને બહેનો પણ કેવા બહાદૂર !!! એટલે જ કહ્યું છે કે હિંમતે હુદા તો મદદે ખૂદા.... અને હા વળી બ્રહ્માનંદ સ્વામીએ સાચું જ કહ્યું છે ને -

જો હોય હિંમત રે નર તે ઉરમાંહી ભારી
દઢતા જોઈને રે તેની મદદ કરે મુરારી.....

જો આપણે શુરવીરતા રાખીશું તો ભગવાન જરૂર આજે પણ આપણી સહાય કરશે.

●

## પ્રેમની ભક્તિ પ્રભુ સુધી પહોંચે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)


એક ગામ હતું. ગામ હોય ત્યાં વસ્તી તો હોય જ. ગામમાં ઘણા ખેડૂતો હતા. અને થોડા ઘણા વેપારીઓ હતા. ગામની ભાગોળે એક કૂવો તો. તે કૂવાની નજીક સરસ મંદિર હતું. મંદિરની શોભા ભક્તોથી હોય. સરસ મંદિર એટલે કે ગામના માણસો દરરોજ મંદિર વાળતા, સાફ સફાઈ કરતા, નિત્ય પૂજા, દર્શન, પ્રાર્થના, કથા-વાર્તા કરતા.

તેમાં એક દિવસ એક પ્રેમી ભક્તને સદ્‌વિચાર જાગ્યો. મારે દરરોજ ભગવાનને અભિષેક કરવો છે. આ પ્રેમી ભક્તે ‘‘ધર્મના કામમાં ઢીલ નહીં એમ વિચારી માટીના પાત્રમાં પાણી લાવી ભગવાનનો અભિષેક પૂજા ચાલુ કરી. દરરોજ કૂવામાંથી પાણી ખેંચી ગાળી માટીના પાત્રમાં અને પ્રેમપૂર્વક નિયમિત અભિષેક કરે. એ જોઈને ગામમાં બધા વખાણવા માંડ્યા કે આ ભક્ત બહુ સાચા છે. નવી રીત શોધી કાઢી ભક્તિ કરવાની. ત્યાંતો બીજા ભક્તને વિચાર થયો કે, હું પણ દરરોજ અભિષેક કરીશ. વિચાર આવવો એ સારી વાત છે પણ એ ઈર્ષ્યા વગરનો હોવો જોઈએ.’’, પ્રેરણા પોતાના સુખ અને કલ્યાણ માટે લેવાય તેટલી પ્રગતિ થાય છે.’’ આ બીજો ભક્ત પોતાના ઘેરથી પિત્તળનો લોટો લઈને આવ્યો. અભિષેક કર્યો. પછી પેલા ગરીબ ભક્તને ક્યાંકથી તાંબાનો લોટો મલ્યો. એટલે તાંબાના લોટાથી પાણી લાવીને ઠાકોરજીને અભિષેક કરે, એટલે બીજો ભક્ત ચાંદીની લોટી લઈ આવ્યો. તેના મનમાં અહં અને ઈર્ષ્યા પ્રવેશ્યાં હતાં, તેને હતું કે મારી આગળ આ શું ગણતરીમાં ? ચાંદીની ચળકતી લોટીમાં દૂધ લાવી તેણે દૂધથી અભિષેક કર્યો. આ ભક્ત ઉંચુ પણ જુએ નહિ. એમની રીતે તાંબાના પાત્રમાં પાણી લાવીને ભગવાનને અભિષેક કરે. સમય જતાં આ બંને ભક્તોનાં દેહાવસાન થયા. યમદૂત લેવા આવ્યા. બંનેને લઈ ગયા. યમરાજાએ યમદૂતોને કહ્યું, અરે મૂર્ખ દૂતો ! તમે આ જીવને શા માટે લાવ્યા છો ? આ તો ભગવાનનો ભક્ત છે, દેખતા નથી તેના મસ્તકમાંથી તેજ છૂટે છે. લઈ જાવ અત્યારે પાલખીમાં બેસાડી વૈકુંઠની ભાગોળમાં મૂકી આવો. ત્યાંથી ભગવાનના પાર્ષદો તેને વૈકુંઠમાં લઈ જશે. પછી બીજો ચાંદીની લોટીવાળો ભક્ત ઉભો રહી બોલ્યો. યમરાજ ! હું પણ ભક્ત છું. મેં પણ ભગવાનને અભિષેક કર્યો છે. બેસ બેસ હવે, તારા મસ્તકમાં ઉપર તો અંધારુ દેખાય છે. અજવાળું નથી તને વૈકુંઠમાં પ્રવેશ નહિ મળે.

ક્રિયા તો બન્નેની એક સરખી હતી. છતાં ખામી શું હતી ? એક ક્રિયામાં પ્રેમ હતો, જ્યારે બીજામાં ઈર્ષ્યા હતી, દેખાડો હતો, કે આ બધા મને જુએ, આ બધા મને વખાણે, અહો ચાંદીની લોટીમાં દૂધથી અભિષેક ! આ ભાઈ બહુ સારા. એટલે ઈર્ષ્યાની ભક્તિ દેખાડવાની ભક્તિ ભગવાન સુધી પહોંચતી નથી અને પ્રેમ ભક્તિ ઈશ્વર સુધી પહોંચે છે.

માટે આપણે પ્રભુના કહ્યાં મુજબ ભગવાનને રાજી કરવા માટે જો ભક્તિ કરશું તો ભગવાન જરૂર રાજી થશે. એટલે જ સ્વામિનારાયણ ભગવાને વચનામૃતમાં ઉપદેશ આપતાં કહ્યું છે કે, ભગવાનની ભક્તિ એ તો ભગવાનની પ્રસન્નતાને માટે પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી. કોઈ વખાણે તે સારું ન કરવી અને બીજી વાત એ પણ છે કે ભગવાનના ભક્તે પરસ્પર ઈર્ષ્યા ન કવી.





# શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા - ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી ૨૩૨મી જન્મ જયંતી મહોત્સવ






# શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા - ષષ્ઠિપૂર્તિ મહોત્સવ તથ














## ...ા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી ૨૩૨મી જન્મ જયંતી મહોત્સવ












# શોભાયાત્રા



# સન્માન







# સાંસ્કૃતિક કાર્યક્રમ











# સદાય સુખિયા રહેવાનું રહસ્ય

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

'વચનામૃત' એ શ્રીજી મહારાજની પરાવાણીનો અદ્‌ભુત ગ્રંથ છે. ગ. અંત્ય. ૮ માં વચનામૃતમાં શ્રીજી મહારાજે મુનિ મંડળને પ્રશ્ન પૂછ્યો જે, ''ભગવાનનો ભક્ત હોય તેને એવો ક્યો ઉપાય છે જે જેણે કરીને સદા સુખી રહેવાય ?''

સંતોએ જેવું સમજાયું તેવો ઉત્તર કર્યો, પછી શ્રીજી મહારાજે કહ્યું કે, ''ભગવાનના ભક્તને એક તો દ્દઢ વૈરાગ્ય હોય અને બીજો અતિશય દૃઢ સ્વધર્મ હોય અને જેણે એ સાધને કરીને સર્વે ઈન્દ્રિયોને જીતીને પોતાને વશ કર્યા હોય........... એવા જે લક્ષણો હોય તે આ લોકને વિષે તથા પરલોકને વિષે સદાય સુખિયો રહે છે, નહિતર દુખિયો રહે છે. તાત્પર્ય એ છે કે, પોતાની ઈન્દ્રિયોને જીતીને વશ કરે તે જ સદા સુખિયો રહે છે.''

ગ.અંત્ય. ૩૮ માં વચનામૃતમાં ઉલ્લેખ છે કે, - ''એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા ઉઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્‌વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય - એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ, માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા જોઈએ...........''

ટૂંકમાં, શ્રીજીમહારાજે આ બે વચનામૃતોમાં સુખ દુઃખની પરિભાષા સુપેરે સમજાવી છે. જો કે સુખ દુઃખનું તત્ત્વજ્ઞાન સમજવું ઘણું કઠિન છે. દેહ સુખ એ ભોગસાધના છે, આત્મસુખ એ યોગસાધના છે. દેહ પ્રતિ અનાસક્તિ આવે તો જ દુઃખનું મૂળ ટળે અને સુખિયા થવાય. દુઃખ સહન કરીને પણ ધર્મનું પાલન કરવું જોઈએ. દુઃખનું કારણ પૂર્વભવનાં પાપ છે. દુઃખ તો તમારા સુખ માટે આવ્યું છે, તમારા કરેલાં પાપને બાળવા આવ્યું છે, માટે ધીરજ રાખી ભગવાન ભજી લેવા.

અરે ! દુઃખથી ડરો છો શાને ? રાત પછી કદાપિ રાત આવતી જ નથી, પણ પ્રભાતને પ્રકાશવું જ પડે છે, તેમ દુઃખમાં સમતા રાખવાથી ફરી સુખ આવે છે. સુખ એ બે દુઃખનો વચ્ચેનો મધ્યાંતર (ઈન્ટરવલ) છે. દુઃખથી ડરવું તે દુર્ગણ છે, પાપથી ડરવું તે સદ્‌ગુણ છે. દુઃખિયાની સેવા કરનારના અંતરમાં વસવા ભગવાન પણ ઝંખે છે ! દુઃખ ભગવાનનો અભિશાપ નહિ, પણ વરદાન છે. દુઃખીને મદદ કર્યાનો બદલો પ્રભુ અચૂક આપી રહે છે.

સંત લોરેન્સના શબ્દોમાં કહીએ તો, - ''ભગવાનના સાંનિધ્યમાં રહીને જીવન વિતાવવાની જે મજા છે, જે સુખ છે તેની તુલના કોની સાથે થઈ શકે ? તે અનુપમ મજા છે.'' જેણે ભગવાનની ભક્તિનો આનંદ માણ્યો છે, મૂર્તિનું સુખ ભોગવ્યું છે, સ્વાદ ચાખ્યો છે, તેને સંસારની કોઈ પણ ચીજનું પછી આકર્ષણ રહેતું નથી. ભાવોનું ઊર્ધ્વીકરણ થવા લાગે છે, તેમ ઈન્દ્રિયોની ચંચળતા ઓછી થાય છે. ભગવાનની જે નિષ્કામ ભક્તિ કરે છે, તે સિદ્ધઓથી પણ શ્રેષ્ઠ સુખ પામે છે. ભગવાનને સાથે રાખીને સુખ ભોગવે તે કદી દુઃખી થતો નથી. જો ભવ્ય જીવનના સ્વામી બનવું હોય તો જીવતરમાં આવતાં અનિવાર્ય એવાં દુઃખોના સ્વાગત માટે સહર્ષ તૈયાર રહેવું પડશે, ભૌતિક સુખોમાં લીન, ભવાંતરમાં, દુઃખી અને દીન બને છે. મનુષ્ય પોતાના 'નિયમ' અને 'નિશ્ચય'ને જો વળગી રહે, તો કદાચ થોડો સમય દુઃખ કે તકલીફ વેઠવી પડે, પણ અંતે સુયશ અને સફળતા મેળવે જ.

માણસને સુખ-સંપત્તિ નહિ, દુઃખ વિપત્તિ જ સારી રીતે ઘડે છે. માણસ જે જે કામનાઓ તજી દે છે, તે તેના સુખમાં વૃધ્ધિ કરે છે, પણ કામનાઓની પાછળ ફરનારો માણસ પોતાનો જ વિનાશ નોતરે છે. માનસિક સમતુલાની ગુરુ ચાવી છે - સ્વાધ્યાય, સંત સમાગમ અને સત્સંગ. ગીતાકાર વળી સુખ-દુઃખને સમાન ગણવા - ''સુખદુઃખે સમાકૃત્વા લાભાલાભો જયા જયો.......'' નું પ્રબોધન કરે છે. ગીતાનો પહેલો અધ્યાય 'અર્જુન વિષાદયોગ' ખરેખર તો અર્જુનનો નહિ, આપણા બધાનો - માનવ જાતનો વિષાદ છે. જીવનમાં દુઃખની નવાઈ નથી, જીવનમાં વિષાદ સ્થાયી છે. 'જીવનગીતા' કદી પણ 'વિષાદયોગ' વિના જામતી નથી. સુખની ક્ષણો હોય છે. દુઃખના દહાડા' અંગ્રેજીમાં કહેવત છે છે. **"No gain without pain."**

## પ્રવેશ મળશે (મફત શિક્ષણ)

પરમપૂજ્ય આદિ આચાર્યશ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજશ્રી એ શરૂ કરેલી તથા પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યમહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામસંચાલિત સંપ્રદાયની એકમાત્ર, શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (પ્રસાદીની વાડી માં) બ્રાહ્મણના વિદ્યાર્થીઓ ને માટે મફત શિક્ષણ અને છાત્રાલયની સુવિધા આપવામાં આવે છે. તેમાં ધો. ૮ પાસ કરેલને ધો. ૯ માં પ્રવેશ આપવામાં આવે છે.સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંચાલિત ધો. ૯ થી ડીગ્રી કોલેજ એમ.એ. **(M.A.)** સુધી અભ્યાસ કરવા ઈચ્છતા બ્રાહ્મણ વિદ્યાર્થીનું તા. ૧૨-૫-૧૩ ના સવારે ૯/૩૦ વાગે ઈન્ટરવ્યુ રાખવામાં આવેલ છે તો ધો. ૯ માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ધો. ૮ પાસની માર્કસીટ સાથે આવવું. મર્યાદિત બેઠક હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ગુણવત્તા ને ધ્યાનમાં રાખીને પ્રવેશ મળશે.

સંચાલક/પ્રિન્સીપાલ
શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય
મુ. જેતલપુરધામતા. દશક્રોઈ
૦૨૭૧૮-૨૩૩૯૬૦(પ્રસાદીની વાડી)

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"પરમાત્માની ભક્તિ અહંકાર રહિત કરવી"**
(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

આપણે સત્સંગ કરીએ, ભક્તિ કરીએ એ બધું પરોપકારી સ્વભાવ રાખી અહંકાર રહિત થઈને કરવાનું. જો આપણામાં માણસાઈ ન હોય તો કરેલી ભક્તિ વ્યર્થ જાય છે. આપણે આપણો સ્વભાવ પાણી જેવો બનાવવાનો, પાણીને તમે ગમે ત્યાંથી વહાવો તો પાણી ક્યારેય ઉંચેની તરફ જાય છે ? નથી જતું, પાણી હંમેશા નીચેની તરફ જ જાય છે. કોઈ મોટી નદી હોય અને સતત વહેણ જતું હોય ત્યાં પથ્થર બાધારૂપ હોય તો પથ્થરને પણ ઘસી ઘસીને એટલા સરસ બનાવી દે છે કે શિવલીંગ જેવા બની જાય છે. જે શાલીગ્રામ તરીકે પૂજાય છે. એટલે પાણી પોતાને જે વસ્તુ અડચણરૂપ થાય તેને પણ પોતાના સ્વભાવથી બદલી નાખે છે. અર્થાત્ પાણી જેમ પોતાનો સ્વભાવ નથી છોડતું, તેમ આપણે પણ આપણો સ્વભાવ (ભક્તિ કરવાનો) નથી છોડવાનો. અર્થાત્ આપણી ભક્તિ કરવાની રીત એવી હોવી જોઈએ કે સામેની વ્યક્તિ પણ બદલાઈ જાય, તેને પણ ભક્તિ કરવાનું મન થઈ જાય. જે વ્યક્તિ અહંકાર રહિત હોય છે તે બધાને પ્રિય હોય છે. જે વ્યક્તિ અહંકાર રાખી ભગવાનની ભક્તિ કરે છે તે ભગવાનની નજરમાં નીચી પડી જાય છે. કોઈ પણ બાબતમાં પોતાની મોટાઈ નહિ બતાવવી તે મહત્વની વસ્તુ છે.

બડે બડાઈ ન કરે, બડે ન બોલે બોલ,
હીરા મુખ સે ના કહે, લાખ હમારા મોલ.

જેમ હીરો હોય છે. તેનું મૂલ્ય ઘણું હોય છે. પરંતુ હીરાનું મૂલ્ય હીરો પોતે નહી પણ ઝવેરી નક્કી કરે છે. તેમ મોટા માણસ ક્યારેય પોતાના વખાણ પોતાના મુખથી નથી કરતા. પરંતુ તેના કરેલા કાર્યો બોલે છે. આપણે રોજ-બરોજના નિયમમાં પણ જોતા હોઈએ છીએ કે આપણે કોઈ મોટી ઓફિસમાં કે એવી કોઈ જગ્યાએ જવાનું થાય તો ઉંચા હોદ્દા ઉપર હોય તે વ્યક્તિ વધારે વિનમ્ર હોય છે. અહંકારી વ્યક્તિ હંમેશા અક્કડ જોવા મળે છે. અને અક્કડતા એ પડતીની નિશાની છે. કેમ કે ? શરીરમાંથી પ્રાણ નીકળી જાય એટલે થોડા સમય પછી જોશો તો માણસનું શરીર કઠિન, અકર્તા અને અક્કડ બની જાય છે. માટે હંમેશા સારા કાર્યો કરવાના અને ખોટા કાર્યોથી દૂર રહેવાનું. આપણાથી અજાણે કેટલા ખોટા કાર્યો થઈ ગયા છે તેનો આપણે વિચાર નથી કરતા પરંતુ મંદિરમાં જઈને કેટલી સેવા કરી કોઈને મદદ કરી તે દસ વખત યાદ કરીએ છીએ. અને તેનો અહંકાર રાખીએ છીએ. માટે પાપને જાહેર કરવું પુણ્યને નહિ. મનુષ્યના જીવનમાં કેવું છે. પાપ કર્મ કરવું છે. અને તેનું ફળ ભોગવવું નથી. પુણ્ય કર્મ કરવું નથી અને તેનું ફળ ભોગવવું છે. આપણે પુણ્યકર્મ વગર પણ ભગવાન પાસે માગ માગ કરીએ છીએ. મારૂ આટલું કામ પતાવી દેજો. બસ મારું આટલું કામ થઈ જાય પછી તમારી ભક્તિ જ કરવી છે. પરંતુ આપણી માગણીનું લીસ્ટ ક્યારેય પુરુ થતું નથી. ૯૦% આપણે ભગવાન પાસે માગવા જ જઈએ છીએ. 'ભગવાન આપણા માલિક છે.' ઘરનો નોકર ક્યારેય માલિકને કામ સોંપે છે ? નહિ ને ? તો આપણાથી ભગવાનને કામ ન સોંપાય. આપણે ભગવાનના દાસ થઈને રહેવાનું છે. આપણે તો જેમ ડોકટર પાસે જઈએ અને દવા ન લાગુ પડે તો દવા બંધ કરી દઈએ છીએ. ડોકટરને છોડી દઈએ છીએ. તેમ ભગવાન પાસે જઈને માગવાનું ચાલું કરીએ છીએ અને આપણું કામ ન થાય તો ભક્તિ કરવાનું છોડી દઈએ છીએ. તો તેવું ન હોવું જોઈએ. ભગવાન પાસે હમેશાં એવું માગવું કે મને એટલું બળ અને શક્તિ આપો કે હું મારામાં રહેલા અવગુણોને દૂર કરી શકું અને આપની ભક્તિમાં આગળ વધી શકું અને આપની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવા માટે સમર્થ થઈ શકું. સંપૂર્ણ શરણાગતિ વગર કલ્યાણ નથી. બાળક થાકી જાય તો માતાના ખોળામાં જાય છે. અને માણસ થાકી જાય તો તેને પરમાત્માના ખોળામાં જવું પડે છે. લખચોર્યાસી યોનિમાં ફર્યા પછી આવો મનુષ્ય જન્મ મળ્યો છે. અને આવો પરમાત્માનો દિવ્ય સત્સંગ મળ્યો છે. તો અંતઃકરણ શુદ્ધ રાખી અહંકાર રહિત થઈ પરમાત્માની ભક્તિ કરી લેવી. નહિ તો ક્યાંક એવું ન બની જાય કે જ્યારે આપણો અંત સમય આવે ત્યારે પરમાત્મા આપણને પોતાના ખોળામાં લેવાની ના પાડી દે તેવું ન બને તેનું ધ્યાન રાખવાની જવાબદારી આપણી છે.

●

**ૐ મનોનિગ્રહયુક્તિજ્ઞાય નમઃ**

- સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

શતાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ ! તમે મનના નિગ્રહની યુક્તિના જ્ઞાતા છો. મન જીતવાની યુક્તિને જાણનારા છો, મનને વશ કરવાનું તમે બરાબર જાણો છો. એક

ભગવાનના સ્વરૂપમાં મનને જોડી રાખવું. એજ મનનો નિગ્રહ છે. વૃત્તિ રૂપી દીકરીને સદ્‌ગુણોરૂપી શણગાર સજાવી મક્કમ કરી પ્રભુની સાથે પરણાવવાની છે. દીકરી માને ઘેર હોય ત્યારે તેને કુંવરી કહેવાય, પરણે પછી એ સધવા કહેવાય. પતિ સાથે સત્યતાથી જીવન જીવવાનું શરૂ કરે, એટલે સધવા કહેવાય. પણ સોહાગણ ન કહેવાય. સોહાગણ ત્યારે કહેવાય. જ્યારે એના ઉદરમાં સંતાન પોષાય એના ઉદરમાં બીજનું રોપણ થાય ત્યારે સોહાગણ બને. ભગવાનના ભક્તને પણ સોહાગણ થવાનું છે. ભગવાનના નિશ્ચયરૂપી ગર્ભનું હૃદયમાં રોપણ થાય ત્યારે તેના થકી ભક્તિરૂપી ફળ ઉત્પન્ન થાય છે. સ્ત્રી જેમ પોતાના ગર્ભનું જતન કરે છે. તેમ ભગવાનના ભક્તે જતન કરવું. નિશ્ચયરૂપી ગર્ભનો સ્રાવ ન થઈ જાય તેનું ધ્યાન રાખવાનું છે. વૃત્તિને કુંવારી ન રાખતાં એને સોહાગણ બનાવવા આપણા નંદસંતોની જેમ વૃત્તિને પ્રભુ સાથે પરણાવવાની છે. જેને ભગવાનનો નિશ્ચય છે, તે જીવ જગદીશ સાથે પરણી ચૂક્યો છે. સાચી હકીકતમાં તો તે જ સોહાગણ છે. તેજ અખંડ સોહાગી છે.

મનને ભગવાનના લીલાચરિત્રમાં જોડી દેવું. લીલા ચરિત્રના ચિંતનમાં ગૂંચવી મૂકવું, ઉંઘનો અવકાશ વધવા ન દેવો. આ મંત્રનો મૂળ આશય એ છે કે, ચંચળ મનને જગતની વિવિધ વસ્તુઓ તરફથી પાછું વાળવું જોઈએ. મનને વશ કરવું બહુ કઠીન કામ છે. ન થઈ શકે તેમ પણ નથી. તમે દુકાન જાઓ ત્યારે મનનો નિગ્રહ થાય છે અને વ્યવસ્થિત વેપાર કરો છો. ખોટ ન જાય તેની સતત કાળજી રાખો છો. પૈસા ગણો ત્યારે મન કેમ આડું અવળું જતું નથી ? ખબર છે દોડશે તો પૈસા વધઘટ થઈ જશે. મનનો નિગ્રહ થાય ત્યારે પૈસા પુરેપૂરા ગણી શકીએ છીએ.

મનનો નિગ્રહ થાય છે ખરો, પણ ભગવાનમાં મનનો નિગ્રહ જલદી થતો નથી. વ્યવહારિક કાર્યમાં થાય છે. સંસારના પદાર્થોમાંથી આસક્તિ છૂટે તો મનનો નિગ્રહ પ્રભુમાં અવશ્ય થાય. સત્સંગ કરવાથી મન જીતાય છે. ભગવાને વચનામૃતમાં કહ્યું છે કે, એકલા ઉપવાસો કરીને મન નહિ જીતાય. એકલા આત્મજ્ઞાનથી મન નહિ જીતાય. આ બન્નેનો સમન્વય થશે ત્યારે અંતઃશત્રુઓ જીતાશે, મનને જીતવાની કથા વચનામૃતમાં છે. એનું સેવન કરે તો મન જીતી શકાય છે.

મનને જીતવાનું સાધન શું ? મનને જીતવાનું સાધન નવધા ભક્તિ છે. ભક્તિ કર્યા વગર નવરું ન રહેવું, ભગવાનને નિરખી આંખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા, ભગવાનને ચડેલાં પુષ્પોથી નાસિકા દ્વારાએ ભગવાનને અંતરમાં ઉતારવા, કીર્તન ગાઈ વાણી દ્વારાએ ભગવાનને અંતરમાં ઉતારવા, કથા વાર્તાના શ્રવણથી કાન દ્વારા એ ભગવાનને અંતરમાં ઉતારવા. ભગવાનના ગુણગાન ગાઈ મુખ દ્વારા ભગવાનને અંતરમાં ઉતારવા. મન, બુદ્ધિ, ચિત્ આદિ ઈન્દ્રિઓ દ્વારા ભગવાનનો સંબંધ રાખવો. આવી રીતે ભગવાનને ધારતાં-ધારતાં એના તમામ વિકારો શાંત થઈ જાય છે અને મનનો નિગ્રહ ભગવાનમાં થાય. મનને અનુકુળ હોય તે સુખ જણાય. મનને પ્રતિકુળ હોય તે દુઃખ જણાય. જગતમાં સુખ કે દુઃખ કાંઈ છે જ નહિ. મનનું ગમતું થાય તો સુખ અને મનનું ગમતું ન થાય તો દુઃખ. જીતમ્ જગત કેન મનો હિ યેન, જેણે મન જીત્યું તેણે જગત જીત્યું. આખું વિશ્વ જીતી લીધું.

ચંચળ મનને જીતવું, સ્થિર કરવું એ કાંઈ છોકરાંનો ખેલ નથી. મનને પકડવું બહુ કઠણ છે. જ્યારે પવન ફૂંકાતો હોય, ભયંકર આંધીઓ આવતી હોય, ત્યારે કોઈક કહે કે હું પવનને સ્થિર કરી દઉં એ ક્યાંથી બને ? એ શક્ય કામ છે. તમારા ઘરની અંદર પંખો ચાલતો હોય તો તમે સ્વીચ ઓફ કરો તો પવન સ્થિર કરી શકો પણ ધરતી ઉપર ફૂંકાતા પવનને કોઈ સ્થિર કરી શકે નહિ. તેજ રીતે મનને સ્થિર કરવું. એ કામ બહુ દુષ્કર છે. મુક્તાનંદ સ્વામીએ તેની નોંધ લીધી છે.

પીંપર પત્ર પતાક પટ, વિદ્યુત કુંજર કાન।
મુક્ત કહે મનુજાદ જયું સ્થિર ન રહત એક ધ્યાન॥

પીપળાનું પાંદડું. ધજાનું કાપડ, આકાશની વીજળી અને હાથીનો કાન ક્યારેય પણ સ્થિર રહી શકતા નથી. તેમ મુક્તાનંદ સ્વામી કહ છે તે મન પણ એક પલવાર પણ સ્થિર રહેતું નથી. મન ખાલી ચંચળતાવાળું જ નથી, એ થોડી વારમાં બેચેન પણ બનાવીને મૂંઝવણમાં પણ મૂકી દે. છોકરાં જેવું હઠીલું છે. હઠ પકડે તો સમજી શકાતું નથી. પરાણે જીવને માયામાં ખેંચે છે. એ મનને અભ્યાસથી વશ કરી શકાય છે. મન ભૂત જેવું છે, નવરું પડશે એટલે જીવને ખાવા તૈયાર થશે. તો શું કરવાનું ? ભગવાનની મૂર્તિરૂપી વાંસમાં મનને જોડી દેવું. ભગવાનનાં લીલા ચરિત્રોને વારંવાર યાદ કરવા, કીર્તન ગાવાં, શીખવાં વિગેરે નવધા ભક્તિમાં મનને જોડી દેવું. આનું નામ અભ્યાસ છે. અખંડ ચિંતનરૂપી અભ્યાસથી મન જીતાય છે. અને શાંતિ થાય છે. હે ભક્તો ! મનને વશ રાખજો પણ મનને વશ થશો નહિ. નહિતર એ આડા અવળા વિચારોમાં ખેંચી જશે અને કારણ શરીરને બળવા નહિ દે. અને આ જીવને જન્મમરણના ચક્રાવામાંથી છૂટવા નહી દે.

●

### ભગવાન અને ભક્ત

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, કડી)

ભગવાન અને ભક્તઃ ભક્ત અને ભગવાન. એ બંન્નેને જોડનારી કડી એનું નામ ભક્તિ. ભક્ત ભક્તિ કરે, તેથી

પ્રસન્ન થઈ ભગવાન તેને સ્વરૂપનું દાન કરે. ભક્ત ભક્તિથી ભગવાનને મેળવે. પરિણામે, ભક્તિ એ ભક્ત માટે ભગવાનનને મેળવવાનું સાધન બની જાય છે.

ભગવાન શ્રી કૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાનને મેળવવાનાં ત્રણ માર્ગો એટલે કે ત્રણ સાધનો બતાવ્યા છે. ભક્ત ભગવાનને મેળવવા ઈચ્છે છે, અને ભગવાન સ્વમુખે આજ્ઞા કરે છે, 'તમે મને મેળવી શકો છો. તમે મને પામી શકો છો, ત્રણ સાધનો દ્વારા, એ ત્રણ સાધનો છે, કર્મ, જ્ઞાન અને ભક્તિ.'

ભગવાન આજ્ઞા કરે છે, પ્રત્યેક જીવે પોતાના વર્ણ અને આશ્રમ અનુસાર, પોતાને માટે નિયત કર્મ કરવાનું છે, જો તે નિષ્ઠાપૂર્વક નિયત કર્મ કરશે તો તે મને અવશ્ય પામશે. સ્ત્રીનું કર્મ પતિ સેવા, પુત્રનું કર્મ મા-બાપની સેવા. પતિ સેવા દ્વારા અનસૂયાજીએ ત્રણે દેવાધિદેવોને પોતાના પુત્રો તરીકે મેળવ્યા. મા-બાપની સેવા દ્વારા પુંડરિકે ભગવાન પંઢરીનાથ (વિઠ્ઠોબા)ને સહેલાઈથી મેળવ્યા.

તમારે માટે નિયત કર્મ કરો, કર્મ કરો પરંતુ તે નિષ્ઠાપૂર્વક કરો. નિષ્કામ ભાવે કરો, અર્થાત પોતે કરેલાં કર્મ દ્વારા પોતાને કંઈક પ્રાપ્ત થશે એવી આશાથી ન કરશો. તમે કરેલાં કર્મનું ફળ અવશ્ય મળશે. કર્મનો એ અટલ સિદ્ધાંત છે. તમારે ફળની આશાથી કર્મ કરવાનું નથી. તમારે તો નિષ્કામ ભાવે, ફળની ઈચ્છા રાખ્યા સિવાય કર્મ કરવાનું છે. નિષ્કામ ભાવે કર્મ કરશો તો તમને બીજું કશું તો મળે કે ન મળે, ભગવાન જરૂર મળશે.

પુંડરિકે મા-બાપની સેવા કરી, એક નિષ્ઠાથી, નિષ્કામ ભાવે, તેનાં મા-બાપ ગરીબ હતા. નાની ઝૂંપડીમાં રહેતા હતાં. વૃદ્ધ હતાં તેથી અશક્ત હતાં. મા-બાપની સેવા કરવામાં પુંડરિકે કોઈ કસર ન રાખી. મા-બાપની સેવામાં રત એવા પુંડરિક ને ભગવાનનાં દર્શન કરવા માટે મંદિરમાં જવાનો સમય ન હતો. હોઠ પર હરિનામ અને હાથ પગ વડે મા-બાપની સેવા જોઈ ભગવાન વૈકુંઠપતિ પ્રસન્ન થયા. વિઠ્ઠોબાને થયું, જો પુંડરિક મારાં દર્શને ન આવી શકે તો, તેને દર્શન આપવા માટે તેને ઘેર જવું જોઈએ. લક્ષ્મીજી સહિત ભગવાન ભક્ત પુંડરિકને ઘેર પધાર્યા. તેની ઝૂંપડીની બહાર ઉભા રહ્યાં. બૂમ પાડી ભક્તને કહ્યું, 'પુંડરિક હું તને દર્શન દેવા આવ્યો છું. બહાર આવ, મારા દર્શન કર.'

પુંડરિકે જવાબ આપ્યો, 'પ્રભુ, હું મારા મા-બાપની સેવામાં વ્યસ્ત છું. મારા મા-બાપ ઊંઘી જશે ત્યારે હું તમારા દર્શન કરવા બહાર આવીશ. મારી ઝૂંપડી નાની છે. તેમાં આપ આવીને ઉભા રહો એટલી પણ જગ્યા નથી. પ્રભુ હું આ ઈંટ બહાર નાખું છું આપ તેના ઉપર ઉભા રહો.'

અને ત્રિલોકીનો નાથ, સૃષ્ટિનો સર્જનહાર, સર્વ શક્તિમાન એવા એ વિઠ્ઠોબા ભક્તે નાંખેલી ઈંટ ઉપર ઉભા રહ્યાં. ભક્ત પોતાનાં મા-બાપની સેવામાંથી પરવારી ઝૂંપડી બહાર આવી તેમનાં દર્શન કરી શકે તેની રાહ જોવા લાગ્યા.

●

### પ્રેમને વશ ભગવાન

- જીજ્ઞાશા જયંતિલાલ રાણપુરા (મોરબી)

વ્હાલા ભક્તો ! મહારાજ બહું દયાળું છે, તે પોતાના ગરીબ ભક્તનો પણ પ્રેમ જોઈ તેના પર અતિ રાજી થાય છે. પ્રભુને ધન, સંપત્તિ વ્હાલી નથી. પરંતુ તેના ગરીબ ભગતની તુચ્છ ભેટ સૌથી વ્હાલી લાગે છે.

વાત છે. અમદાવાદ પાસેના જેતલપુર ગામની. ગામમાં એક ગરીબ બ્રાહ્મણ રહે. તેનું નામ જીવણ ભક્ત. તે ભિક્ષાવૃત્તિથી પોતાનું ગુજરાન ચલાવે. તેને શ્રીજી મહારાજ પ્રત્યે ખૂબ હેત હતું.

મહારાજ જેતલપુર પધારે અને યજ્ઞ કરે. જીવણ ભગત દરેક સભામાં હાજર રહી મહારાજનાં દર્શન કરે અને રાજી થાય. સભામાં ઘણા ભક્તો આવે, મહારાજ માટે કાંઈ ને કંઈ કિંમતી ભેટ લાવે. એ જોઈ જીવણ ભગતને મનમાં એમ થાય જે, ''હું ગરીબ છું. માટે મહારાજને કશું ધરી શકતો નથી.'' તેણે ઘેર જઈ પત્નીને કહ્યું, ત્યારે પત્નીએ કહ્યું. 'જેની પાસે જે હોય તે મહારાજ ને ધરે !'' આપણા ઘરમાં થોડા મઠ છે. કહો તો રોટલા કરી આપું. ભગત કહે - હા કરો! પછી તાંસળામાં બે રોટલા લઈને સભામાં ગયા. હરિભક્તોની ભીડ હતી. સર્વે દર્શન કરતા હતા. મહારાજની નજર દૂર ઉભેલા જીવણ ભગત પર પડી.

મહારાજ કહે, ''મારગ કરો ! ભગત માટે મારગ કરો!''

આ સાંભળી બધા નવાઈ પામી ગયા. જે એવા તે કેવા ભગત છે જે મહારાજ મારગ કરવાનું કહે છે. ત્યાં તો મહારાજ આસન પરથી ઊભા થઈ સામે ચાલ્યા ને હેતથી ભગતના ખભે હાથ મૂક્યો ને બોલ્યા, ''લાવો શું લાવ્યા છો મારા માટે ?'' વાહ ! મજાનો રોટલો છે ને કાંઈ ? એમ કહી કટકી કરી મોંમાં મૂકી બોલ્યા, ''વાહ ! વાહ ! આનું નામ મિષ્ટાન !'' બધા હરિભક્તો ને બ્રહ્માનંદ સ્વામીએ પ્રસાદ આપ્યો અને આનંદ-આનંદ છવાઈ ગયો.

ગરીબ ભક્તનાં સુખનો પાર ન રહ્યો. તેનું રોમ - રોમ હર્ષથી નાચતું હતું. આવા હતા જીવણ ભગત ! તેનો પ્રેમ જોઈ મહારાજ તેની સામે ચાલી ને ગયા.

સમજવા જેવી વાત છે, ભક્ત ગરીબ કે શ્રીમંત હોય પણ મહારાજ તેનો ભાવ ને પ્રેમ જોઈ તેને વશ થાય છે. આપણી પાસે જે કંઈ છે તે મહારાજનું જ છે એમ માની પ્રભુની સેવા કરવી ને ભજન કરવું.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ વૃત્રાસુર નામના દૈત્ય ને મારવા માટે ક્યા ઋષિના કરોડરજ્જુ ના હાડકાં નું વજ્ર બનાવવામાં આવ્યું હતું. ?

પ્ર. ૨ બુધેજ ના હઠીભાઈ ને સ્વામિનારાયણ ભગવાન સાચા છે કે નહિં તેવો મનમાં વહેમ હતો તે દૂર કરવાં વડતાલ દર્શને ગયા ત્યારે મનમાં શું ધારીને ગયા હતા ?

પ્ર. ૩ અનાજ, મસાલા, લોટ,શાક વગેરે જોયા વિના જીવજંતુવાળા રાંધે છે અને ખવરાવે તથા ખાય છે તેવા જીવ ને કેવા નરક કુંડની યાતના ભોગવવી પડે છે ?

પ્ર. ૪ શ્રીજી મહારાજ સ્વધામ ગયા પછી અમદાવાદમાં વૈષ્ણવાચાર્યની આગેવાની હેઠળ બીજા સંપ્રદાયવાળા એ નક્કી કર્યું કે હવે તો સ્વામિનારાયણ ભગવાન દેહ મુકી ગયા છે માટે એમનો સંપ્રદાય તોડી પાડીએ એવું વિચારીને શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા ત્યારે સયાજીરાવ ગાયકવાડ પાસે તેમના વિદ્વાનો જવાની પરવાનગી લેવા આવ્યા ત્યારે શું કહ્યું ?

પ્ર. ૫ પ્રીત પુરવની રે નાથ ન મુકી દેશો, બહુનામી તમ સાથે બંધાણી.... આ કીર્તન ના રચયિતા નું નામ જણાવશો.

પ્ર. ૬ વાત્રક નદીના કિનારે આવેલ તથા પુરાણો માં જેને ''જાંબાલી આશ્રમ '' કહેવામાં આવતું તે સ્થાને સ્વામિનારાયણ ભગવાન પધારેલા તે સ્થાન નું નામ શું છે ?

પ્ર. ૭ ''વે શાહુકાર થઈને વર્તતા, ચોરીનો લેતા માલ - જેની તેની થાપણ્યું ને મેલી ઘરમાં ઘાલ, જુઠું બોલી નવ દેવે કે વાતા શાહુકાર, બાંધી મુશકે જમ તેને , બહુવિધ દેવ માર '' -આવા પ્રકારના પ્રપંચી શાહુકારો ને કેવા પ્રકારના નરક માં પીડા ભોગવવા યમદુતો લઈ જાય છે ને ત્યાર બાદ કેવા જન્મ લેવા પડે છે ?

## માર્ચ-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) અમદાવાદ ના ભવાનીશંકરભાઈ. (૨) મોતીલાલભાઈ (૩) વાસુદેવમાહાત્માયદોહાચોપાઈમાં, નિષ્કામધ્દ્વિદોહાચોપાઈમાં, ભાષાભૂષણ, કવિપ્રિયા, ભાષાવ્યાકરણ, કાવ્યરસ રહસ્ય, હરિરસપિંગલ,ભગવતપિંગલ, વેદાન્તસાર, હરિલીલા સિન્ધુ નામનો મહાન મોટો ગ્રંન્થ. (૪) ભગવાન સ્વામિનારાયણ. (૫) શિક્ષાપત્રી શ્લોક નં ૭૫. (૬) શુદ્ધ હોય, પવિત્ર હોય, ધોયેલું હોય, કોઈને અડ્યું ન હોય અને જેની ઉપર સારી પેઠે બેસી શકાય તેવું આસન રાખવું. (૭) સ.ગુ.ભુમાનંદ સ્વામી

૧. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૨. પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (અમદાવાદ)
૩. ઘર સભા બહેનો (લુણાવાડા)
૪. ભાવસાર વીણાબેન રતિલાલ
૫. ભાવસાર અરવિંદાબેન (ચાંદલોડીયા)
૬. સાં.યો. શીતલબા, શિલ્પાબા (કાલુપુર મંદિર હવેલી)
૭. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૮. સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર મંદિર હવેલી)
૯. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૦. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૧. ગવૈયા ચંદ્રપ્રકાશદાસ (માણસા)
૧૨. શા. ઘનશ્યામપ્રકાશદાસ (જમીયતપુરા)
૧૩. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૧૪. પટેલ દિપીકા કિરણકુમાર (નારણપુરા)
૧૫. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૬. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૧૭. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા-ડાભી)
૧૮. પટેલ ભગવતીબેન જશુભાઈ (ડાંગરવા)
૧૯. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૦. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૨૧. પટેલ દિપીકાબેન હિતેન્દ્રકુમાર
૨૨. અલૌકિક (કઠાડા)
૨૩. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૨૪. પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૨૫. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૬. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૭. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૨૮. ભાવસાર સુમિત્રાબેન (વિસનગર)
૨૯. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૦. ચોકસી ઈલાબેન નરેન્દ્રભાઈ (દરિયાપુર)
૩૧. પંચાલ વંદના (કાલુપુર મંદિર હવેલી)
૩૨. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૩૩. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૩૪. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૩૫. ઘનશ્યામ રાજુભાઈ (આનંદપુરા-કડી)
૩૬. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૩૭. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૩૮. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૩૯. પટેલ સાકરબેન નટવરલાલ (નાંદોલ)
૪૦. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪૧. ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૪૨. સાં.યો. રંજનબા, નાનીબેન (સ્વા. મંદિર વિરાટનગર બહેનોનું)
૪૩. પટેલ લીલાબેન સી. (ગોધરા)
૪૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૪૫. ભાવસાર પલ્લવીબેન, પટેલ શકરીબેન (લાંઘણજ)
૪૬. સોની વર્ષાબેન અરવિંદભાઈ (નવરંગપુરા)
૪૭. પટેલ શકરીબેન ભગત (ભાઈઓનું મંદિર-વડુ)
૪૮. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)
૪૯. ભાવનાબેન એન. તથા સરોજબેન આર. પટેલ (મુબારકપુર)
૫૦. નીશાબેન એમ. (કલોલ પંચવટી વિસ્તાર)
૫૧. પટેલ વિમળાબેન ઘનશ્યામભાઈ (કલોલ-પંચવટી)
૫૨. પટેલ રૂપલબેન કંચનલાલ (લુણાવાડા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પાટોત્સવ મહોત્સવ ઉજવાયો**

વિશ્વનું સંપ્રદાયનું સૌ પ્રથમ સ.ગુ. આનંદનંદ સ્વામી દ્વારા નિર્માણ થયેલ શ્રીનગર અમદાવાદમાં બિરાજમાન ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ધર્મકુળની નિશ્રામાં ખૂબજ ધામધૂમપૂર્વક ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. ચિતારા સ્વામી બળદેવપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (અમદાવાદ મંદિર મહંતશ્રી)ના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવનો ૧૯૧ મો પાટોત્સવના યજમાન પ.ભ. વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ (રિદ્રોલવાળા) હ. મહેન્દ્રભાઈ અને ભરતભાઈ આદિ પરિવાર તરફથી શ્રીહરિને અતિ પ્રિય એવું અલૌકિક શાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની પંચાન્હ પારાયણ તા. ૧૦-૩-૨૦૧૩ થી તા. ૧૪-૩-૨૦૧૩ પર્યન્ત સ.ગુ.શા.સ્વા. વિશ્વવિહારીદાસજી ગુરુ મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી ગુરુ સ્વામી સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે સંગીતની મધુર સૂરાવલી સાથે સંપન્ન થઈ હતી. સહિંતાપાઠના વક્તા સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી રહ્યાં હતા.

કથાનો શુભારંભ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો હતો. ફાગણ સુદ-૨ તા. ૧૩-૩-૨૦૧૩ ને બુધવારે શ્રીહરિયાગ હોમાત્મક મહાપૂજા વિધિવત રીતે થઈ હતી. જેમાં યજમાનશ્રીના સહ પરિવારે પૂજા વિધિમાં લાભ લીધો હતો.

ફાગણ સુદ-૩ ત્રીજના પ્રાતઃ ૬-૩૦ કલાકે પરમ કૃપાળુ પરમાત્મા શ્રી નરનારાયણદેવનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ધામધૂમપૂર્વક સંપન્ન થયો. જેના દર્શને હજારો લાખો ભક્ત સમુદાય ઉમટ્યો હતો. સુંદર લાઈવ ટેલીકાસ્ટ અને મોટી મૂવી સ્ક્રીન ઉપર પણ મહાભિષેક-આરતીના દર્શન કરાવવામાં આવ્યા હતા. અલૌકિક દર્શન ! અલૌકિક ભીડ ! ખરેખર આવા દર્શન કોઈપણ જીવને થાય તો તેના સર્વે પાપ માત્ર બળી જાય. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી. શ્રીનરનારાયણદેવના પૂજારી સ્વામીએ પણ સુંદર વ્યવસ્થા કરી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શણગાર આરતી થઈ. ત્યારબાદ પ્રસાદીના ભવ્ય સભા મંડપમાં શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોની નિશ્રામાં ૧૯૧ માં પાટોત્સવની પ્રાસંગિક સભા થઈ. જેમાં સૌ પ્રથમ યજમાન પ.ભ. વિઠ્ઠલભાઈ શિવરામદાસભાઈ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી ભરતભાઈ આદિ પરિવારે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપનું પૂજન-અર્ચન ભેટ કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. હકડેઠઠ સભામાં ક્યાંય પગ મૂકવાની જગ્યા ન હતી. અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજીએ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય સાથે યજમાન પરિવારની સેવા નિષ્ઠા અને તેમની સત્સંગ પ્રત્યેની વિનમ્રતાને બિરદાવી હતી. અને તેઓશ્રીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આગામી ૨૦૧૪ ડિસેમ્બરના વર્ષે શ્રી નરનારાયણદેવ નિજ મંદિર, સુવર્ણ સિંહાસન આદિ કાર્યો પૂર્ણ થશે અને તે પ્રસંગે ભવ્ય મહામહોત્સવ ઉજવવાનું આયોજન થશે. તેની જાહેરાત કરી હરિભક્તોને તન, મન અને ધનથી સેવા કરવા ભલામણ કરી હતી. અન્ય સંતોમાં સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (ભુજ), પાર્ષદ શ્રી જાદવજી ભગત (ભુજ), સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), સ.ગુ.શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા) અને સ.ગુ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજી (મૂળી) આદિ સંત-હરિભક્તોએ મહાપ્રતાપી દેવનો મહિમા ગાયો હતો. આ પ્રસંગે પ.ભ. ગોરધનભાઈ સીતાપરા દ્વારા લખાયેલ અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ તરફથી પ્રકાશિત 'શ્રીહરિ ચરિત્ર' પુસ્તકનું વિમોચન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયુ હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવ મળ્યા છે તેને મૂકીને જશો નહિ. કલ્યાણ તો સહેજે અહીં છે. માટે નિષ્ઠા ચોખ્ખી રાખવા ઉપર ખૂબજ મોટી વાત ઉપદેશાત્મક ટકોર સાથે કરીને સૌને રાજી થઈ આશીર્વાદ વરસાવ્યા.

પાટોત્સવ પ્રસંગમાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી, રામ સ્વામી, ભંડારી સ્વામી, હરિચરણ સ્વામી (કલોલ), ચેતન ભગત, ભુરા ભગત આદિ સંત પાર્ષદ મંડળની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી.

સુંદર સભાપતિનું કાર્ય સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) અને સ.ગુ.શા.સ્વા. નારાયણમુનિદાસજી એ શોભાવ્યું હતું. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ**

શ્રી નરનારાયણદેવ જયંતી - ફુલદોલોત્સવ એટલે આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સર્વોપરિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંતો ભક્તો સાથે સૌ પ્રથમ અમદાવાદ મંદિરના ભવ્ય પ્રાંગણમાં ફુલદોલોત્સવ ઉજવ્યો હતો. જે પરંપરાનુંસાર

ફાગણ સુદ-૧૫ તા. ૨૭-૩-૨૦૧૩ના શ્રી નરનારાયણદેવ જયંતી બુધવારના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બપોરે ૧૧-૩૦ કલાકે સંતો ભક્તો સાથે સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવની આરતી કરીને મંદિર ઉપર ગુલાલ ઉડાડીને મંદિરના પ્રસાદીના વિશાળ ચોકમાં ભવ્ય શમિયાણામાં કેસૂડાના અદ્‌ભુત રંગના કુંડોમાંથી પિચકારી વડે સંત-હરિભક્તો સાથે રંગે રમ્યા. જે પ્રસંગ, અદ્‌ભુત રંગની લીલા આ દિવ્યતમ લીલાના દર્શન જે જીવને થયા તેના ભાગ્યનો કોઈ પાર નથી. આવા ભવ્ય અલૌકિક ફુલદોલોત્સવના યજમાન પ.ભ. નારાયણભાઈ શામજીભાઈ હિરાણી, ધ.પ. હિરૂબેન નારાયણભાઈ હિરાણી, સુત અશોકભાઈ નારણભાઈ હિરાણી, ધ.પ. જ્યોત્સનાબેન અશોકભાઈ હિરાણી, પૌત્રી ચાંદનીબેન, દિવ્યાનીબેન અને પૌત્ર હરેન્દ્ર માંડવી (કચ્છ) હાલ લંડન તથા સંદિપકુમાર વિશ્રામ હાલાઈ માધાપર (લંડન) આદિ પરિવારે લાભ લીધો હતો. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી અને રામ સ્વામી આદિ સંત પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થા કરી હતી. હજારો હરિભક્તોએ ફુલદોલોત્સવના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ધન્ય ધન્ય બન્યા હતા. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ (બાપુનગર) ૮ મો વાર્ષિક પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદ અને અત્રેના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તા. ૨૦-૩-૧૩ ના રોજ એપ્રોચ મંદિરનો ૮ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૩-૩-૧૩ ના રોજ મંદિરમાં આર્યુવેદિક નિઃશુલ્ક કેમ્પ રાખવામાં આવેલ. આ કેમ્પમાં ડાયરેકટર ડૉ. એમ.વી. આચાર્ય (એમ.ડી. આયુ.પી.એચ.ડી.) તથા તેઓની ટીમ દ્વારા ૩૫૦ દર્દીઓની તપાસ અને દવા આપવામાં આવી હતી.

તા. ૧૦-૩-૧૩ના રોજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તો દ્વારા ધજાકા પતાકા બેનર સાથે બાઈક પ્રચાર રેલી યોજી હતી.

મહોત્સવ અંતર્ગત તા. ૧૪-૩-૧૩ થી તા. ૨૦-૩-૧૩ પર્યન્ત જીવન ટ્વીન બંગ્લોઝ રોડ પાસેના વિશાળ ગ્રાઉન્ડમાં વેદાંત સાંખ્યયોગાચાર્ય સ.ગુ. શા.સ્વામી નિર્ગુણદાસજીના “વક્તા પદે શ્રીમદ્ સત્સંગિજીવન રાત્રીય સપ્તાહ પારાયણનું સુંદર આયોજન થયું. હજારો ભાવિક ભક્તો કથા શ્રવણ કરી ધન્ય બન્યા હતા. કથા પ્રસંગ દરમ્યાન પોથીયાત્રા. જન્મોત્સવ, ગાદી પટ્ટા ભિષેક ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતાં. કેન્સરના દર્દીઓના લાભાર્થે ૫૩ બ્લડ ડોનેટ થયું હતું.

તા. ૧૭-૩-૧૩ ના રોજ સવારે સમૂહ મહાપૂજાનું આયોજન થયું હતું. જેમાં ૨૦૧ હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજાની પૂર્ણાહુતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પૂ. શ્રી રાજાએ બાલિકા મંડળ સાથે રાસ તથા રમતોત્સવમાં જોડાઈને દિવ્ય લાભ આપ્યો હતો. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ તેમજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રાત્રે કથા શ્રવણ કરવા પધાર્યા હતા. છેલ્લે આશીર્વાદ આપી ખૂબજ રાજી થયા હતા.

તા. ૨૦-૩-૧૩ના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો મહાભિષેક, અન્નકૂટ આદિ વિધિવત થયા હતા. ધામોધામથી પધારેલા સંતોમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, બદ્રિનારાયણ, ભુજ, કાંકરિયા, નારાયણઘાટ, ચરાડવા, નિકોલ આદિ મંદિરોના સંતોએ અમૃતવાણીનો લાભ આપેલ. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી યજમાન પરિવાર અને હરિભક્તોને આશીર્વાદ આપ્યા હતા.

રોજે સભા સંચાલન શા. યજ્ઞપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખડે પગે સેવા બજાવી હતી. પાટોત્સવના દિને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ હતું. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢનો પાટોત્સવ (પ્રાંતિજ દેશ)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢનો ૧૬ મો પાટોત્સવ પ.ભ. કોઠારી ચિમનભાઈ ભુલાભાઈ તરફથી ધામધૂમથી ઉજાવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં યજમાન પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીના (માણસા) વક્તાપદે થઈ હતી. કથા દરમ્યાન શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર), શા.સ્વા. હરિપ્રકાશદાસજી (મકનસર મહંત) અને સ્વા. ચંદ્રપ્રકાશદાસજીએ કથાનો લાભ આપેલ. સમગ્ર પ્રસંગનું આયોજન સંચાલન સ.ગુ.શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા મહંતશ્રી) એ કર્યું હતું. સમસ્ત ગામે સુંદર સહકાર આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત હરિભક્તોએ ભવ્ય શોભાયાત્રા કાઢી હતી. પ.પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની અન્નકૂટ ઉતારી હતી. સભામાં યજમાન પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત સભાને પ.પૂ. મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અતિ રાજી થયા હતા. છેલ્લે દિવસે આખું ગામ જમાડવામાં આવ્યું હતું. શ્રી જસુભાઈ પટેલ, નરેશ ભગત, જે.ડી. ભગત તથા સુરેશભાઈ ચિમનભાઈ પટેલે સૌની સેવા કરી રાજીપો મેળવ્યો હતો.

(મથુરા મહંત સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોડાસા પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ પ.ભ. જીગરભાઈ સુભાષભાઈ સોની પરિવાર દ્વારા વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે સ.ગુ.શા.સ્વા. અખિલેશ્વરદાસજી (મથુરા મહંતશ્રી)એ મહાપૂજા સાથે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક અને અન્નકૂટ આરતી કરી હતી. અન્નકૂટની સેવા હરિભક્તો દ્વારા થઈ હતી. મહિલા મંડળ અને હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. શાસ્ત્રી સ્વામીએ સર્વોપરિ ભગવાનનો મહિમા કહ્યો હતો. (કો. રસિકભાઈ)

**વરસોડા ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આજ્ઞા આશીર્વાદથી વરસોડા ગામે તા. ૩-૩-૧૩ ના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સત્સંગ સભા થઈ હતી. જેમાં શા.સ્વા. માધવપ્રિયદાસજી (સિધ્ધપુર) તથા શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ સુંદર કથાવાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરા નો પંચમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી એવંમ મંદિર નિર્માતા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભાઉપુરાનો પંચમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૪-૩-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે તા.૩-૩-૧૩ ના રાત્રી સભા માં જેતલપુરથી શા.ભક્તિનંદનસ્વામી તથા કે.પી.સ્વામી, મકનસર થી શા. હરિપ્રકાશદાસજી, આત્મપ્રકાશ સ્વામી એ કથાર્વાતા કરી હતી. તા.૪-૩-૧૩ ના રોજ સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નું સ્વાગત, સામૈયું શોભાયાત્રા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ મંદિર માં ઠાકોરજી નો અભિષેક, અન્નકૂટ આરતી કરવામાં આવી હતી. યજમાનશ્રીઓ ને ત્યાં પધરામણી કરી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. પ્રથમ ૪૦ ફૂટના હાર થી યુવાનો એ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું.પાટોત્સવના યજમાન પ.ભ. કેશવલાલભાઈ પટેલ સુપુત્ર અશોકભાઈ પટેલ પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નું સ્વાગત, પૂજન, આરતી ઉતારી હતી.પધારેલા મહેમાનો નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પધારેલ સંતો પૈકી પ.પૂ.પી.પી. સ્વામી (જેતલપુરધામ), નારણપુરા, જેતલપુર, કાંકરિયા, મહેસાણા, કાલુપુર, સાયલા, આદિ ધામોથી પધારેલ સંતોએ પ્રવચન કર્યા હતા. સભાપતિનું સ્થાન શા.ભક્તિનંદનસ્વામી એ સંભાળ્યું હતું. અંતે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી એ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ચરણ સ્પર્શ દર્શન કરી ભક્તોએ પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. (શા.ભક્તિનંદનદાસજી જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લુણાવાડા(છપૈયાધામ) નો પંચમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી એવંમ મંદિર નિર્માતા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર છપૈયાધામ લુણાવાડા નો પંચમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૧-૩-૧૩ ના રોજ ધામધૂમથી પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી છપૈયાધામ મંદિર તથા કડીયાવાડ મંદિરમાં ૧૨ માં પાટોત્સવ પ્રસંગે પધારી બંન્ને મંદિરે અન્નકૂટ આરતી ઉતારી હતી.ત્યાર બાદ છપૈયાધામ સોસાયટી માં બહેનોનાં મંદિરનું ભૂમિપૂજન પ.પૂ.મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક સભા માં મોટા મહારાજશ્રી નું પૂજન યજમાનશ્રી એવા પ.ભ. કાછીયા દિનેશભાઈ તેમના પુત્રો નિરવ તથા દિવ્યેશે કર્યું હતું. ભૂમિદાન ના યજમાનશ્રીઓ નું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી એ પાટોત્સવ પ્રસંગે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે જેતલપુરધામ થી શા.ભક્તિનંદનસ્વામી તથા કાંકરિયા થી શા.યજ્ઞપ્રકાશદાસજી એ કથા કરી ભક્તોને રાજી કર્યા હતા.અંતે સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી જીવનધન્ય બનાવ્યું હતું. સમગ્ર આયોજન જેતલપુરધામ ના મહંત સ.ગુ. કે.પી.સ્વામી તથા છપૈયાધામ ના પૂજારી વાસુદેવચરણદાસજી તથા પૂજારી ઘનશ્યામસ્વામી એ કર્યું હતું. (કે.પી.સ્વામી જેતલપુરધામ, સંજયભાઈ, રાકેશભાઈ લુણાવાડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી માં ભાઈઓ તથા બહેનો ના મંદિરનો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી તથા પાટડી મંદિરમાં રહેતા સાં.યો.શાંન્તાબા તેમજ શિષ્યમંડળ ના અથાગ પ્રયત્નથી ગામ પાટડીમાં શ્રી નરનારાયણદેવ તાબાના ભાઈઓ તથા બહેનોના મંદિર માં બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણ દેવ, શ્રીરાધાકૃષ્ણદેવ આદિ દેવો નો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા.૨૩-૨-૨૦૧૩ ના શનિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શાસ્ત્રોકત વિધિસર ધામધૂમ થી ઉજવવામા આવ્યો હતો.આ પ્રસંગે તા. ૨૨-૨-૧૩ ના રાત્રી ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ખૂબજ મોટી સંખ્યાં માં ભકતો એ લાભ લીધો

હતો. તા.૨૩-૨-૧૩ ના રોજ સવારે ઠાકોરજી ની મહાપૂજા બહેનોના મંદિરમાં યજમાનશ્રી દ્વારા વિધિસર કરવામાં આવી હતી.પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ની શોભાયાત્રા પૂર્વે બામણવા ચોકડી થી યુવક મંડળ ના યુવાનો તથા આજુબાજુનાં ગામના યુવાનો દ્વારા ૭૦ થી વધુ બાઈકોની રેલી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.પ.પૂ.આચાર્ય મહારાજશ્રી શોભાયાત્રામાં બિરાજમાન થયા ત્યારે મોટી સંખ્યામાં ભક્તોએ હાજર રહીને જયજયકાર ની સાથે શોભાયાત્રા નો પ્રારંભ કર્યો હતો. ખૂબજ ધામધૂમ થી નગર ના મુખ્ય બજારે થઈને બહેનો ના મંદિરે શોભાયાત્રા પૂર્ણ કરવામાં આવી હતી. ત્યાર બાદ ઠાકોરજીનો વિધિસર મહાભિષેક પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ના વરદ્ હસ્તે થયો હતો. ત્યારે ભક્તોએ પુષ્પવૃષ્ટિ કરીને ભગવાન તથા આચાર્ય મહારાજશ્રી ને વધાવ્યા હતા. ત્યાર બાદ ભાઈઓ ના મંદિરે અન્નકૂટ આરતી કરવામાં આવી હતી.સંતો સાથે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી યજમાનશ્રી મિતેશભાઈ સોની તથા દિલીપભાઈ ઠક્કર ના ઘરે પધરામણી કરી બહેનો ના મંદિરે અન્નકૂટ આરતી કરી સભા માં પધાર્યા હતા.સભામાં મંદિરના ટ્રસ્ટીશ્રીઓ પ.ભ. રસિકભાઈ, રમણભાઈ, નારણભાઈ આદિ ભક્તોએ સ્વાગત કર્યું હતું અને યજમાનશ્રીઓ એ પૂજન આરતી કરી હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો પધાર્યા હતા. જેમાં જેતલપુરથી સ.ગુ. પી.પી. સ્વામી, કાંકરિયા, મહેસાણા, મકનસર, કલોલ-પંચવટી, અમદાવાદ, સાયલા, સુરેન્દ્રનગર, મૂળી આદિ ધામોથી ૩૫ જેટલા સંતોની ઉપસ્થિતિ હતી. જેમાં સંતોએ પક્ષ અને શિર સાટેના સત્સંગની વાતો થી તરબોળ કર્યા હતા.પ.પૂ.ગાદીવાળાબાશ્રી ની આજ્ઞા થી પાટડી ના સત્સંગ માટે જેઓ ખૂબજ મહેનત કરી આજુબાજુ ના ગામો માં પણ જઈ સત્સંગની પ્રવૃતિ કરી રહેલા સાં.યો.શાંન્તા બા તથા શિષ્ય મંડળને પ.પૂ. આચાર્યમહારાજશ્રી એ હરિભક્તો દ્વારા પ્રસાદીનો હાર આપી આશીર્વાદ આપ્યા હતા. પધારેલા મહેમાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીનરનારાયણદેવ યુવક મંડળની રચના કરી તેના પ્રમુખ પદે જીજ્ઞેશભાઈ ને નિયુક્ત કર્યા હતા. અંદાજે ૪૦ જેટલા યુવાનો સભ્ય બન્યા હતા. અંતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ પાટોત્સવ પ્રસંગે તમામ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવતા એક મીઠી ટકોર કરતા કહ્યું કે ''શ્રીનરનારાયણ દેવના થઈને રહીશું તો સ્વામિનારાયણય ભગવાન રાજી થશે તથા સંસ્કાર નું સિંચન બાળકો અને યુવાનો ને ખૂબ જરૂરી હોય છે. માટે તેમને મંદિરે તથા સભામાં લઈ આવવા.'' અંતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ના ચરણ સ્પર્શ બાદ સભાને પૂર્ણ કરવામાં આવી હતી. આભાર વિધિ કોઠારી નારાયણભાઈ એ કરી હતી. સમગ્ર આયોજન સંચાલન શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ) એ કર્યું હતું. પ્રસંગને દિપાવવા આગલા દિવસથી શા.હરિપ્રકાશદાસજી તથા શા.યજ્ઞપ્રકાશદાસજી પધાર્યા હતા.યુવાનો તથા સ્વયંસેવક ની સેવાને ખૂબ જ બિરદાવવામાં આવી હતી. અંતે સૌ પ્રસાદ લઈને પોતાના જીવન ને આ પ્રસંગ સાથે ધન્ય બનાવ્યું હતું. (શા.ભક્તિનંદનદાસજી તથા જીજ્ઞેશભાઈ

(ન.ના.દેવ.યુવક મંડળ પાટડી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ચતુર્થ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી મહેસાણા માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, નરનારાયણ દેવ, રાધાકૃષ્ણદેવ, ગણપતિજી, હનુમાનજી, આદિ દેવો નો ચતુર્થ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા.૨૭-૨-૨૦૧૩ ના બુધવારે પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે શાસ્ત્રોકત વિધિસર ધામધૂમ થી ઉજવવામા આવ્યો હતો.આ પ્રસંગે તા.૨૫-૨-૧૩ના સવારે ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગનો પ્રારંભ સ.ગુ.શ્યામચરણ સ્વામી, શા.ઉતમપ્રિયદાસજી તથા શા. હરિપ્રિયદાસજી દ્વારા કરવામાં આવ્યો હતો.રાત્રે ત્રિદિનાત્મક નિલકંઠ વર્ણી કથા પારાયણ નો પોથીયાત્રા સાથે શુભ પ્રારંભ થયો હતો. કથાના વક્તા પદે મહેસાણા મંદિરના નિર્માતા સ.ગુ.શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (જેતલપુરધામ) બિરાજી કથાનું શ્રવણ કરાવ્યું હતું.તા.૨૭-૨ ના રોજ સવારે ચતુર્થ પાટોત્સવ પ્રસંગે વિધિસર ઠાકોરજીનો મહાભિષેક પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે ધામધૂમ થી થયો હતો.અભિષેક પ્રારંભ થતા જ ભક્તોએ ગુલાબની પાંખડીઓ થી પુષ્પવૃષ્ટિ કરી જયનાદ કર્યો હતો.ત્યાર બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી યજ્ઞ નારાયણની પૂર્ણાહુતિ કરવા યજ્ઞ મંડપમાં પધાર્યા હતા. આરતી કરી ને સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધારી કથાની પૂર્ણાહુતિ કરી હતી.ત્યાર બાદ કાર્યક્રમની શરુઆત કીર્તનભક્તિથી થઈ હતી.યજમાનશ્રી પ.ભ.શ્રી નટવરભાઈ ફુલચંદ મોદી પરિવાર દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નું પૂજન, આરતી, સ્વાગત કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ યજ્ઞનો યજમાનશ્રી તથા વિવિધ યજમાનશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.પધારેલા મહેમાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ ધામોથી ૫૫ જેટલા સંતાએ પધારી ને પોતાના શબ્દો ઉદ્ગારો થી પ્રસંગને શોભાવ્યો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ આ પ્રસંગે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.આગામી નવ પાટોત્સવ માટે પોતાનું નામ નોધાવી ભાગ્યશાળી યજમાન બનવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો.સભા ને કીર્તન તથા વેદોના મંત્ર થી પૂર્ણ કરવામાં આવી હતી. ત્યાર બાદ અન્નકૂટ આરતી ઉતારવા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા.અંતે પધારેલા મહેમાનો, સંતો એ પ્રસાદ ગ્રહણ કરી જીવન ધન્ય બનાવ્યું હતું. મહેસાણા ના યુવાનો તથા

સ્વયંસેવકોની સેવા પ્રસંશનીય હતી.સમગ્ર આયોજન મહેસાણા મંદિર ના મહંત સ્વામી સ.ગુ.સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા સ.ગુ. કે.પી.સ્વામી(જેતલપુર મહંતશ્રી) એ કર્યું હતું. (શા. સ્વામી ભક્તિનંદનદાસજી, રાઓલ હિતેન્દ્રસિંહ -મહેસાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બારેજા પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી મંદિર નિર્માતા જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી એવંમ સ.ગુ.શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બારેજા નો પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા. ૭-૩-૧૩ ના રોજ ગુરૂવારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે તા.૬-૩-૧૩ ના રોજ મહાવિષ્ણુયાગ નો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને ભવ્યાતિભવ્ય ઠાકોરજી ની નગરયાત્રા તથા ધ્વજયાત્રા અને ઠાકોરજી ની છાબ વિધિ છત્ર સાથે બારેજા નગરમાં કાઢવામાં આવી હતી. પ્રથમ પાટોત્સવના યજમાન પદે પ.ભ.અ.નિ.ભાઈલાલભાઈ વરધાભાઈ પટેલ પરિવાર- સુપુત્રો પ.ભ. દેવેન્દ્રભાઈ તથા પરેશભાઈ રહ્યા હતા. આ પાવન કારી પ્રસંગ ને દિપાવવા તા. ૭-૩-૧૩ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પધાર્યા ત્યારે તેમનું ભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું.પ્રથમ મંદિર માં પધારી ઠાકોરજી નો અભિષેક કરી યજ્ઞની પૂર્ણાહુતિ કરી સભામાં પધાર્યા હતા. સભામાં પ્રથમ પૂજન, આરતી યજમાનશ્રીઓ એ કરી હતી. ત્યાર બાદ મહેમાનો નું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સંતોની ઉપસ્થિતિમાં જેતલપુરધામ ના મહંત સ.ગુ.શા.સ્વા. આત્મપ્રકાશદાસજી એ પ્રવચનમાં યજમાન તથા સભાને સંબોધી હતી. સાથે સાથે મકનસર, કાંકરિયા, અમદાવાદ થી પધારેલા સંતોએ પણ શબ્દો થી પોતાના ઉદ્દ્ગારો વ્યક્ત કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી એ આશીર્વાદ પાઠવતા મંદિર તથા સત્સંગ ઉપર ભાર મુકીને સંસ્કાર ની વાત કરી હતી. અંતમાં યજમાનશ્રી ને ત્યાં પધરામણી કરીને વિદાય લીધી હતી. ભક્તોએ પ્રસાદ લઈને જીવન ધન્ય બનાવ્યું હતું. સમગ્ર આયોજન જેતલપુરધામ ના મહંત સ.ગુ.કે.પી.સ્વામી તથા બારેજાના કોઠારી પ.ભ.મયુરભાઈ તથા રશ્મિનભાઈ એ કર્યું હતું. સભા સંચાલન શા. હરિપ્રકાશ સ્વામી (મકનસરમહંત)એ કર્યું હતું. યુવાનોની સેવા પણ પ્રસંશનીય હતી. (શા. ભક્તિનંદન સ્વામી જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણ નગર દ્વારા આયોજીત ત્રિદિનાત્મક ભાગવત કથા પારાયણ**

પ.પૂ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવંમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી જેતલપુરધામ ના મહંત સ્વામી શા.આત્મપ્રકાશદાસજી એવંમ સ.ગુ.શા.સ્વા.પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર નારાયણનગર ગામે અ.નિ.પ.ભ. મોહનભાઈ ઈશ્વરભાઈ પટેલ ના સ્મણાર્થે ત્રિદિનાત્મક ભાગવત દશમ્ સ્કંધ પારાયણનું સુંદર આયોજન તા. ૮-૩-૧૩ થી ૧૦-૩-૧૩ સુધી કરવામાં આવ્યું હતું.વ્યાસાસન ઉપર શા.સ્વા.સ્વામી ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) એ બિરાજી પોતાની આગવી શૈલીમાં કથામૃત નું રસપાન કરાવ્યું હતું.તથા શા.ભક્તિવલ્લભ સ્વામી અને સ.ગુ.શ્યામચરણસ્વામી સંહિતા ના વક્તા પદે રહ્યાં હતા. આ પારાયણ ના યજમાન પદે પ.ભ. નિલમભાઈ અરવિંદભાઈ તથા હરિવદનભાઈ અરવિંદભાઈ પટેલે લાભ લીધો હતો.તા. ૮-૩-૧૩ શુક્રવારે ના રોજ પોથીયાત્રા દ્વારા કથાની શુભ શરુઆત દીપ પ્રાગટ્ય પૂ.સ.ગુ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ.સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) તથા સ.ગુ. શા. નારાયણપ્રસાદ સ્વામી (સાયલા) અને બ્ર.વાસુદેવાનંદજી (છપૈયા) અને પૂ. સ્વા. જગતપ્રકાશદાસજી (કાલુપુર) દ્વારા થઈ હતી. કથા દરમ્યાન કૃષ્ણ જન્મોત્સવ, મટુકીલીલા, ગોવર્ધન લીલા, ગોકુળ રાસ, રૂક્ષ્મણી વિવાહ આદિ ઉત્સવો અને રાત્રી કાર્યક્રમો પણ ધામધૂમથી ઉજવાયા હતા.તા. ૯-૩ -૧૩ ના રોજ પ.પૂ.અ.સૌ.મોટા ગાદીવાળાશ્રીએ પધારી ને બહેનો ને દર્શન તથા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૧૦-૩-૧૩ રવિવારના રોજ પ.પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ પધારી પ્રથમ વૃક્ષા રોપણ કરી સભામાં કથાની પૂર્ણાહુતિ કરીને યજમાનશ્રીઓ એ પૂજન કરી આરતી ઉતારી હતી.આ પ્રસંગે ધામોધામથી પધારેલ સંતો એ પોતાના હ્રદયના ઉદ્દ્ગારો રજુ કર્યા હતા. જેમાં ધોળકા, કાંકરિયા, કાલુપુર, જમીયતપુરા, મુળી, નારણપુરા, મકનસર આદિ થી સંતો પધાર્યા હતા.પ.પૂ.મોટા મહારાજશ્રી એ આશીર્વાદ પાઠવતા કહ્યું હતું કે , ''નારાયણનગર તો અમારૂ મોસાળ છે.અને અહિંનો સત્સંગ જેતલપુર રેવતી બળદેવજી નો અણીશુધ્ધ સત્સંગ છે.'' જેતલપુર મહંતશ્રી કે.પી.સ્વામી તથા શા.હરિપ્રકાશદાસજી એ ખૂબ જ મહેનત આયોજન કરી કાર્યક્રમ ને દિપાવ્યો અને સફળ સંચાલન પણ કર્યું હતું.મંદિરના કોઠારી તથા આગેવાન હરિભક્તોએ પણ ખૂબ સેવા કરી હતી. તથા યુવાનોની સેવા પણ પ્રસંશનીય હતી. કથા દરમ્યાન બંન્ને ટાઈમ પ્રસાદ લઈને ભક્તોએ જીવન ધન્ય બનાવ્યું હતું. (મહંતશ્રી કે.પી.સ્વામી તથા ઉર્વિશ પટેલ, નારાયણ નગર)

**શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલ પરીક્ષાનું પરિણામ**

કુલ ૨૩૩૭ બેઠક, ૧૪૭૦ બાળ સત્સંગ પાસ, ૬૫૦ કિશોર સત્સંગ પાસ, ૯૭ નાપાસ, ૧૨૦ ગેર હાજર કુલ ૨૩૩૭ કુલ પરિણામ ૭૦%૯૭ટકા.

**બાળ સત્સંગ પરીક્ષામાં વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ :** (૧) પટેલ શ્રેયા વિરેન્દ્રભાઈ ૯૯%, ઘાટલોડીયા. (૨) પટેલ સચિન રસિકભાઈ ૯૮%, કલોલ. (૩) પટેલ સાહિલ રજનીશભાઈ ૯૮%, કલોલ. (૪) પટેલ હરિકૃષ્ણ ઘનશ્યામભાઈ ૯૯%, મારૂસણા. (૫) પટેલ ગૌતમ વિષ્ણુભાઈ ૯૯%, મારૂસણા. (૬) પટેલ જીગર શૈલેષભાઈ ૯૯%, મારૂસણા. (૭) પટેલ કૌશલ હસમુખભાઈ ૯૮%, અસારવા ગુરુકુળ. (૮) શેખડા ભૌતિક અશોકભાઈ ૯૭%, અસારવા ગુરુકુળ. (૯) મકવાણા પ્રવિણ ભરતભાઈ ૯૭%, અસારવા ગુરુકુળ. (૧૦) બાવડા ભૂમિ મનીષભાઈ ૯૪%, સુરેન્દ્રનગર. (૧૧) પટેલ નિલેશ મનુભાઈ ૯૬%, આનંદપુરા. (૧૨) પટેલ નિમાબેન ઘનશ્યામભાઈ ૯૬%, આનંદપુરા. (૧૩) પટેલ શ્રેયા ભૂપેન્દ્રભાઈ ૯૮%, મારૂસણા. (૧૪) પટેલ કિશન ભૂપેન્દ્રભાઈ ૯૮%, મારૂસણા. (૧૫) પટેલ ભવ્યાબેન વિનોદભાઈ ૯૮%, મારૂસણા. (૧૬) પટેલ હર્ષિલ મહેશભાઈ ૯૬%, મારૂસણા. (૧૭) માવાણી હિરેન રમેશભાઈ ૯૬%, અસારવા ગુરુકુળ. (૧૮) પટેલ ચિંતન ભીખાભાઈ ૯૬%, અસારવા ગુરુકુળ. (૧૯) પટેલ પરસોતમ રાધેશ્યામ ૯૬%, અસારવા ગુરુકુળ. (૨૦) જાદવ રામદેવ બૂટાભાઈ ૯૬%, અસારવા ગુરુકુળ. (૨૧) પટેલ ઉર્વિશ હર્ષદભાઈ ૯૬%, કલોલ. (૨૨) પટેલ કુલદિપ બિપીનભાઈ ૯૬%, કલોલ.

**કિશોર સત્સંગ ભાગ-૨ :** (૧) ચૌહાણ ઘનશ્યામ અરવિંદભાઈ ૯૪%, કોટેશ્વર. (૨) પ્રજાપતિ કૌશિક લાલજીભાઈ ૯૪%, કોટેશ્વર. (૩) વૈદ સચિન મનીષભાઈ ૯૪%, કોટેશ્વર. (૪) પટેલ ટવિંકલ રમેશભાઈ ૯૯%, મારૂસણા. (૫) પટેલ જીજ્ઞાબેન વિષ્ણુભાઈ ૯૯%, મારૂસણા. (૬) પટેલ ભવ્યાબેન વિનોદભાઈ ૯૮%, મારૂસણા. (૭) પટેલ સુમિત્રાબેન જીવણલાલ ૯૮%, મારૂસણા. (૮) ડાભી હિરેન્દ્ર નરેશભાઈ ૯૯%, ડાંગરવા (૯) ડાભી અજયસિંહ દિનેશસિંહ ૯૯%, ડાંગરવા (૧૦) શાસ્ત્રી અભિજીત રમેશભાઈ ૯૯%, ડાંગરવા (૧૧)ડાભી આદિત્ય જયદિપભાઈ ૯૮%, ડાંગરવા (૧૨) પટેલ સચિન દશરથભાઈ ૯૯%, ડાંગરવા (૧૩)િ પટેલ બિનલ ઘનશ્યામભાઈ ૯૯%, ડાંગરવા (૧૪) પટેલ કિંજલ બળદેવભાઈ ૯૯%, ડાંગરવા (૧૫) પટેલ સૌનલ જીતેન્દ્રભાઈ ૯૭%, ડાંગરવા (૧૬) કા. અક્ષય ચંદ્રકાન્તભાઈ ૯૭%, લુણાવાડા. (૧૭) કા. ભૂમિકા રાજેશભાઈ ૯૫%, લુણાવાડા. (૧૮) પટેલ નિલેશ મનુભાઈ ૯૭%, આનંદપુરા. (૧૯) પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ ૯૬%, આનંદપુરા. (૨૦) પટેલ સૂર્યાબેન હિતેષભાઈ ૯૬%, આનંદપુરા. (૨૧) પટેલ ડિમ્પલ હિતેશભાઈ ૯૫%, આનંદપુરા. (૨૨) પટેલ રાજલ પશાભાઈ ૯૫%, આનંદપુરા. (૨૩) પટેલ અલ્કાબેન લાલભાઈ ૯૫%, આનંદપુરા. (૨૪) દવે સીમાબેન ભરતભાઈ ૯૫%, ડાંગરવા. (૨૫) પટેલ દિવ્યાની રમેશભાઈ ૯૫%, ડાંગરવા.

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર કથા-પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની શુભ પ્રેરણાથી પ.ભ. હરિકૃષ્ણભાઈ કાનજીભાઈ ગાંધી પરિવાર દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૨-૧૨ થી તા. ૨૮-૧૨ સુધી શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજી (મૂળી)ના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે તા. ૨૮-૧૨ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને સમસ્ત સત્સંગ અને યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સાથે શાકોત્સવ પણ ઉજવ્યો હતો. બહેનોને આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અમદાવાદ, મૂળી, ચરાડવા, ધ્રાંગધ્રા મંદિર હળવદ અને વાંકાનેર આદિ ધામોથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન શા.સ્વા. પ્રેમવલ્લભદાસજીએ સંભાળ્યું હતું. કો.સ્વા. કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા ૧૨૮ મો વાર્ષિક પાટોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા મહંત સ.ગુ. સ્વામી ઉત્તમપ્રિયદાસજી તથા મહંત શા.સ્વા. બ્રહ્મવિહારીદાસજીની પ્રેરણાથી ચરાડવા ધામમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૨૮ મો પાટોત્સવ અ.નિ.સ.ગુ. સ્વામી ગોપાલચરણદાસજીની દિવ્ય પ્રેરણાથી ચરાડવા ગામ સત્સગ સમસ્ત તરફથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે તા. ૯-૩-૧૩ થી તા. ૧૩-૩-૧૩ પર્યન્ત પંચદિનાત્મક શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ.શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજીના વક્તાપદે સુંદર મધુર શૈલીમાં થઈ હતી. સહિંતાપાઠમાં સ.ગુ.સ્વા. શ્રીજીસ્વરૂપદાસજી (હળવદ) બિરાજ્યા હતા. તા. ૯-૩-૧૩ થી તા. ૧૧-૩-૧૩ સુધી ત્રિદિનાત્મક શ્રીહરિયાગ નું આયોજન થયું. જેમાં ઘણા યજમાનોએ લાભ લીધો હતો. સોમવતી અમાવસ્યાના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સમસ્ત ગામે ભવ્યતાથી ભાવપૂર્વક સ્વાગત સામૈયું કર્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સૌ પ્રથમ ઠાકોરજીનું પૂજન આરતી દર્શન કરી યજ્ઞ શાળામાં પધારીને નૂતન ધ્વજનું પૂજન કરી સભામાં પધાર્યા સૌ ત્યારે ભક્તો આનંદમાં ગરકાવ થઈ ગયા. સમસ્ત ગામને ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા.

ફાગણ સુદ-૨ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રેના સંતોએ ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર કરી શણગાર કરી અન્નકૂટ ધરાવી આરતી ઉતારીને સૌ ભક્તોને દિવ્ય દર્શન કરાવ્યા. બહેનોને

દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોએ દર્શન કરી સુંદર દિવ્ય લાભ લીધો. પંચ દિનાત્મક મહોત્સવમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ગાદી પટ્ટાભિષેક આદિ ઉત્સવો તથા રાત્રીય કાર્યક્રમ ધામધૂમથી ઉજવાયા. અમદાવાદ, મૂળી આદિ ધામોથી સંતો અને અનેક ગામોથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. આમ ચરાડવા અને આજુબાજુના ગામોના ભક્તોએ દેવદર્શન આચાર્યશ્રીના દર્શન અને કથા શ્રવણ કરી અલૌકિક લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ચરાડવાની સેવા પ્રેરણારૂપ હતી. (શા. સત્યપ્રકાશદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. પી.પી. સ્વામી અને પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી અને શા.સ્વા. નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી અને અત્રેના મહંત સ્વામી ભક્તવત્સલદાસજીના માર્ગદર્શનથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૩ મો અને તપોવન મંદિરનો ૧૦ પાટોત્સવ તા. ૨૮-૨-૧૩ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ પારાયણ શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર) અને કોઠારી શા.વંદનપ્રકાશદાસજીના વક્તા પદે સંગીતના મધુર તાલે થઈ હતી. તા. ૨૬-૨-૧૩ ના રોજ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને બહેનો પર ખૂબ રાજી થયા હતા.

તા. ૨૮-૨-૧૩ ના રોજ પપૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો મહાભિષેક અને બહેનોના મંદિરમાં અને તપોવન મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હતી.

સભામાં યજમાનો ઘનશ્યામભાઈ ઓધવજીભાઈ, સોની શશીકાંતભાઈ, ડૉ. અતુલભાઈ અને જયેશભાઈ સોનીએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામથી પધારેલા સંતોએ અમૃતવાણીનો લાભ આપ્યો હતો. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (મૂળી)એ પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (મહંત સ્વામી લીંબડી)

**સુરવદર અને નારીચાણા ગામે સત્સંગ સભા**

ગત માસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી હળવદ તાલુકાના સુરવદર ગામે આપણા ધ્રાંગધ્રા શ્રી સ્વામિનારાયણ મંદિરથી ભક્તિ સ્વામી અને સંત મંડળે હરિભક્તોને ભગવાન સંબંધી કથા વાર્તારૂપી જ્ઞાન વાર્તા કરીને સુંદર લાભ આપ્યો હતો.

નારીચાણા ગામે તા. ૧૧-૩-૧૩ ના રોજ ભક્તિ સ્વામીના સંત મંડળે કથા વાર્તા કરીને હરિભક્તોને રાજી કર્યા હતા. સંતોએ શ્રી નરનારાયણદેવ ગાદી અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવને વફાદાર રહેવા ખાસ ભલામણ કરી હતી. (પ્રતિ. અનિલભાઈ દુધરેજીયા, ધ્રાંગધ્રા)

## વિદેશ સત્સંગ સમાચાર

**વોશિંગ્ટન ડી.સી. શ્રી સ્વામિનારાયણ મંદિર (આઈ.એસ.એસ.ઓ.**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા વોશિંગ્ટન શ્રી સ્વામિનારાયણમંદિરમાં ફેબ્રુઆરી ૨, ૯, ૧૬ અને ૨૩ તારીખે અને ૨ માર્ચ શનિવાર, ૧૦ માર્ચે રવિવાર (મહા શિવરાત્રી) સત્સંગ સભા યોજવામાં આવી હતી. પ્રથમ મહામંત્ર ધૂન, વચનામૃત (૨૭૩) વાચન, જનમંગલ નામાવલિ, થાળ, આરતી અને નિત્ય નિયમ કર્યા હતા. ૧૬ ફેબ્રુઆરી વસંત પંચમીના શ્રી શિક્ષાપત્રીનું પૂજન આરતી કરી શિક્ષાપત્રીનું વાચન કર્યું હતું. મહા શિવરાત્રીના દિવસે શિવજી (શિવલીંગ)નું બિલીપત્ર, પંચામૃત દૂધથી અભિષેક કરી પૂજન કર્યું હતું. ૧૫૦ જેટલા હરિભક્તોએ સભાનો લાભ લઈ ધન્ય બન્યા હતા. ઘણા દૂર દૂરથી નવા મુમુક્ષુ સભામાં આવે છે. (કનુભાઈ પટેલ)

**પિયોરિયા (આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર અમેરિકા)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી હરિભક્તો દ્વારા દર રવિવારે સાંજના ૬ થી ૮ સત્સંગ સભા કરવામાં આવે છે. ૩ માર્ચના રવિવારે હરિભક્તોએ સાથે મળી સુંદર શાકોત્સવ ઉજવ્યો હતો. સભામાં ચૂલા ઉપર અદ્‌ભુત રીંગણના શાકનો વઘાર કરતા ભગવાનના તાદૃશ દર્શન કરાવ્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. ૧૦ માર્ચના મહા શિવરાત્રી ઉત્સવ પણ વિધિવત રીતે ઉજવ્યો હતો. બાળકોએ યુવક મંડળ સાથે કીર્તન ગાયા હતા. (રમેશભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર (ઓકલેન્ડ-ન્યુઝીલેન્ડ)નો પંચમ પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) અને શા. રામ સ્વામી (કોટેશ્વર), હજુરી પાર્ષદ વનરાજ ભગતની ઉપસ્થિતિમાં આપણા ઓકલેન્ડ મંદિરનો પંચમ પાટોત્સવ તા. ૨૦ માર્ચથી ૨૪ માર્ચ દરમ્યાન ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો.

પ.પૂ. મોટા મહારાજશ્રી અવાર-નવાર આશીર્વાદ સહ કહે છે કે "આપણો સંપ્રદાય ખૂબજ અનુભવસિધ્ધ છે અને

તેમનો લાભ સમગ્ર વિશ્વના લોકો લે છે. જે એક સમયે એવું કહેવાતું હતું કે બ્રિટીશ સામ્રાજ્યમાં સૂર્ય ક્યારેય અસ્ત પામતો નથી તેવું જ હવે આપણે ગર્વભેર આપણા સંપ્રદાય માટે પણ કહી શકીએ છીએ.''

ખરેખર આપણો સંપ્રદાય હવે દિવસના ૨૪ કલાક, સપ્તાહના ૭ દિવસ અને વર્ષના ૩૬૫ દિવસ શ્રી નરનારાયણદેવની અવિરત સેવા કરી રહ્યો છે. ૧૯૯૦ના દાયકામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઓકલેન્ડના આ સ્થાનની પસંદગી કરી અને આગળ જતા ૨૪ માર્ચ ૨૦૦૮ ના રોજ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દ્વારા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સાથે આપણું ઓકલેન્ડનું ભવ્ય મંદિર તૈયાર થયું. આ પૃથ્વી ઉપર ઓકલેન્ડ એ એક માત્ર સ્થળ છે જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, ભગવાન શ્રીરામ, અને પંચદેવની મંગળા આરતી દરરોજ થાય છે.

શા.સ્વા. અભયપ્રકાશદાસજી અને શા.ગોપાળદાસ સ્વામીના અથાગ પ્રયત્નથી પાટોત્સવનું ભવ્ય અને સુંદર આયોજન થયું. જેની શરૂઆત પોથીયાત્રા તેમજ ભાગવત દશમ સ્કંધની કથા દ્વારા થઈ. જેના વક્તા શા.સ્વા. રામકૃષ્ણદાસજી રહ્યાં હતાં. કથા દરમ્યાન કૃષ્ણ જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બીજા દિવસે ભજન અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં રાસ ગરબાનું આયોજન હતું. મહોત્સવના છેલ્લા દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વહેલી સવારે ૯-૩૦ કલાકે અભિષેક અને આરતી થઈ હતી.

મહોત્સવ દરમ્યાન ઓકલેન્ડના મેયર લેન બ્રાઉન, ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ફીલ ગોહેફ તેમજ સંસદ સભ્યો સુ.શ્રી મેલીસાલી અને કંવલજીત બક્ષી હાજર રહ્યાં હતા.

આ મહોત્સવ દરમ્યાન આપણા ઓકલેન્ડના આગેવાન હરિભક્તો ડૉ. કાંતિભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ અમીન, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી અતુલભાઈ પટેલ તેમજ શ્રી બિપીનભાઈ ઠક્કર વગેરેએ સુંદર આયોજનમાં સહયોગ આપ્યો હતો.

શ્રી લેન બ્રાઉન અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ભૂતકાળના સંસ્મરણોને આ પ્રસંગે યાદ કર્યા હતા. આ પ્રસંગે શ્રી બ્રાઉને જણાવ્યું હતું કે, ''પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને અમે અવારનવાર મળી છીએ અને દરેક વખતે મહારાજશ્રીમાં વધુ તેજસ્વીતા લાગે છે.'' શ્રી બ્રાઉને મંદિરના પ્રથમ પ્રતિષ્ઠા મહોત્સવને યાદ કરતા જણાવ્યું કે પાંચ વર્ષ કેવી રીતે પસાર થઈ ગયા તેની ખબર ન પડી અને સત્સંગના વિકાસથી તેઓ ખૂબજ ભાવુક થયા હતાં. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આઈ.એસ.એસ.ઓ. મંદિર દ્વારા સાઉથ ઓકલેન્ડના પાપાટોયેટો ના વિકાસમાં ખૂબજ સહાયરૂપ બન્યું છે.

(મહેશકુમાર રત્ના)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| મહા સુદ-૧ | હાર્દિક ઉર્ફે શનિ દિનેશભાઈ જોષી (અડદીયો) (હ. જે.પી. સ્વામી) | શિકાગો |
| મહા સુદ-૧ | અરવિંદભાઈ ગોરધનદાસ સોની (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા સુદ-૧ | અ.નિ. પુરાણી સ્વામી અક્ષરજીવનદાસજી (ચુરમાના લાડુ) (હ. શા.સ્વા. ભક્તિજીવનદાસજી) | હરિયાળા-ખેડા |
| મહા સુદ-૧ | તારાબેન હીરાભાઈ પટેલ (મોતૈયા લાડુ) (હ. નરસિંભાઈ) | સાપંડ |
| મહા સુદ-૨ | મધુસુદનભાઈ રમણીકલાલ સોની (અડદિયો-બાસુંદી) (હ. મહાદેવ ભગત) | અમદાવાદ |
| મહા સુદ-૨ | ભાવેશ તથા દીપા (અડદીયો) (હ. બ્ર. રાજુ સ્વામી, કાનજીભાઈ) | યુ.કે. |
| મહા સુદ-૨ | જેશીંગભાઈ હાલાભાઈ ચૌધરી (ચુરમાના લાડુ) | બાલવા |
| મહા સુદ-૪ | અરવિંદભાઈ છગનભાઈ માંગોલીયા (મોહનથાળ) | અમદાવાદ |
| મહા સુદ-૪ | અ.નિ. મણીબેન શંકરભાઈ પટેલ (મોહનથાળ) | શેર(માંડલ) |
| મહા સુદ-૫ | લક્ષ્મણ વિશ્રામ પટેલ | ભુજ (કચ્છ) |
| મહા સુદ-૫ | અ.નિ. ઓચ્છવલાલ ભુલાભાઈ કાછીયા (હ. નવિનભાઈ તથા ભરતભાઈ) | બાલાસિનોર |
| મહા સુદ-૬ | નિર્મળાબેન દિનેશચંદ્ર સોલંકી (મોહનથાળ) | આંબાવાડી |
| મહા સુદ-૬ | નિર્મળાબેન વિષ્ણુભાઈ પટેલ (મોહનથાળ) (હ. જે.પી. સ્વામી) | માણસાવાળા |
| મહા સુદ-૭ | મનુભાઈ પૂંજાભાઈ પટેલ (મગસ) | કૃષ્ણનગર |
| મહા સુદ-૧૦ | ચિ. સૌમ્યકુમાર તથા ચિ. સુવ્રતકુમાર દ્વિવેદી (ચુરમાના લાડુ) (હ. પૂજ્ય બિંદુરાજા) | અમેરિકા |
| મહા સુદ-૧૧ | મણીલાલ સેંધાભાઈ ચૌધરી (કાજુ-બદામ મૈસુબ) (હ. કેતનભાઈ તથા રાઈબેન) (હ. જે.પી. સ્વામી) | માણેકપુર |
| મહા સુદ-૧૨ | નાનજી રામજી હીરાણી (મોહનથાળ) (હ. બ્ર. રાજુ સ્વામી) | યુ.કે. |
| મહા સુદ-૧૨ | રાવજીભાઈ ભગાભાઈ પટેલ (મગસ) | ઝુંડાલ |
| મહા સુદ-૧૨ | મનજી વિશ્રામ વરસાણી સહ કુટુંબ પરિવાર (મગસ) | બળદીયા-કચ્છ |
| મહા સુદ-૧૨ | વિશ્રામ દેવજી પિંડોરીયા, રતનબેન (ચુરમાના લાડુ) (હ. હરજી વિશ્રામ) | સરલી-કચ્છ |
| મહા સુદ-૧૩ | કલ્યાણી મુકેશભાઈ ભટ્ટ (ચુરમાના લાડુ, મોહનથાળ) (હ. બ્ર. રાજુ સ્વામી, અસીમ ઠક્કર) | અમદાવાદ |

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઇ આપનારની યાદી

| | | |
|---|---|---|
| મહા સુદ-૧૪ | અ.નિ. કપિલાબેન ગોવિંદભાઈ બબલદાસ પટેલ (મગસ) (હ. પ્રવિણભાઈ શ્રધ્ધા કેસેટ) | વડુ |
| મહા સુદ-૧૪ | અ.નિ. રામજીભાઈ અમરશીભાઈ વકીલ પરિવાર (ચુરમાના લાડુ) | ધરમપુર |
| મહા વદ-૧ | હરજી રવજી વેકરિયા (ચુરમાના લાડુ) | નારણપર-કચ્છ |
| મહા વદ-૧ | અ.નિ. વાઘજીભાઈ માધવદાસ (મગસના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | લંડન |
| મહા વદ-૨ | ખીમજી લક્ષ્મણ ગોરસીયા (ચુરમાના લાડુ) | નવોવાસ-માનકુવા |
| મહા વદ-૨ | ભારતીબેન વિનોદકુમાર પરીખ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૨ | ચંદુભાઈ હાથીભાઈ પટેલ (જલ્પાબેન રાકેશભાઈ પટેલ) (મોતીયા લાડુ) (હ. નૌતમ સ્વામી) | મિત્રાલ-નડીયાદ |
| મહા વદ-૩ | વર્ષાબેન રમેશભાઈ દોશી (દુધપાક-પુરી) | મુંબઈ |
| મહા વદ-૩ | અ.નિ. ચંદ્રિકાબેન નવિનચંદ્રભાઈ મારફતીયા (મગસ) | અમદાવાદ |
| મહા વદ-૫ | કૌશિકાબેન અરૂણકુમાર પરમાર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| મહા વદ-૫ | ગીરીશભાઈ સી. પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૫ | અ.નિ. રામજી લાલજી કાળા (મગસ) | દહીંસરા-ભુજ |
| મહા વદ-૬ | રૂપેશભાઈ એલ. જોષી (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૬ | પ્રવિણભાઈ મોહનભાઈ પટેલ (ફુલવાળા) (ઠારેલો મગસ) | અમદાવાદ |
| મહા વદ-૬ | ચોકસી જીતેન્દ્રભાઈ મગનલાલ (મોહનથાળ) | અમદાવાદ |
| મહા વદ-૭ | અ.નિ.સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી પુણ્યતિથિ નિમિત્તે (મગસ) (હ. વાસુદેવભાઈ ગજ્જર) | જયદેવપુરા |
| મહા વદ-૧૦ | લાભુભાઈ ડાહ્યાભાઈ મોરડીયા (મગસ) | ગઢડા |
| મહા વદ-૧૧/૧૨ | સ્વામી વિજયપ્રકાશદાસ ગુરુ શા.સ્વા. દેવચરણદાસજી (દુધીનો હલવો) | અમદાવાદ |
| મહા વદ-૧૧/૧૨ | શંકરભાઈ ત્રિકમભાઈ પટેલ (દુધીનો હલવો) | પીજ |
| મહા વદ-૧૩ | અ.નિ. મનજીભાઈ લાલજી રાબડીયા (મગસ) | રામપર-વેકરા |
| મહા વદ-૧૪ | વિઠ્ઠલભાઈ શિવરામભાઈ પટેલ (ટોપરા પાક) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| મહા વદ-૧૪ | જય સાંધાણી (ટોપરા પાક) | મુંબઈ |
| મહા વદ-૩૦ | વિઠ્ઠલભાઈ શીવરામભાઈ પટેલ (ચુરમાના લાડુ) (હ. જે.પી. સ્વામી) | અમદાવાદ |
| મહા વદ-૩૦ | અ.નિ. જમનાબેન ગોવિંદભાઈ ગાંધી (ચુરમાના લાડુ) (હ. જીતુભાઈ, બ્ર. રાજુ સ્વામી) | |
| મહા વદ-૩૦ | અ.નિ. ગંગારામ લક્ષ્મીચંદ સોની (ચુરમાના લાડુ) (હ. પ્રવિણભાઈ) | |
| મહા વદ-૩૦ | લાલભાઈ ઈશ્વર ભૂડીયા (ચુરમાના લાડુ) | માધાપર-કચ્છ |

## શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

| | | |
|---|---|---|
| ૬૬૬/- | મૂળજીભાઈ કાચા ટેલર શ્રીજી પ્રસન્નાર્થે | લેસ્ટર (યુ.કે.) |
| ૫૦૦/- | પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ-નાઈરોબી |
| ૧૦૧/- | ચોહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | બારડોલી |
| ૧૦૧/- | અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે | દહેગામ |
| ૧૦૧/- | અ.નિ. તેજસકુમાર કનુભાઈ ભાવસારના સ્મરણાર્થે | સાણંદ |
| ૧૦૧/- | ચૌહાણ મગનભાઈ પરસોતમભાઈ ચિ. ઘનશ્યામના લગ્ન પ્રસંગે | નવસારી |
| ૧૦૦/- | વરૂ દિશા હિતેષભાઈ જન્મદિને | સુરત |
| ૧૦૦/- | વાઘેલા જયેન્દ્રસિંહ વિરૂભા નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | ગરોડીયા |
| ૧૦૧/- | ટાંક કાજલ હિરજીભાઈ જન્મ દિને | ધૂળકોટ |
| ૧૦૧/- | પટેલ પ્રીતિબેન જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | લવારપુર |
| ૧૦૧/- | ટાંક બાબુભાઈ ઝીણાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ |
| ૨૦૧/- | પટેલ જસુભાઈ નારણભાઈ ચિ. પૂનમના લગ્ન પ્રસંગે | ઉનાવા |
| ૫૦૧/- | પટેલ ગણેશભાઈ મગનદાસ મંજુલાબેનની ૮ મી પુણ્યતિથિ નિમિત્તે | બામરોલી |
| ૧૦૦/- | ચાંપાનેરી રિતેષ જે. એકટીવા લાવ્યા તે નિમિત્તે | વિરમગામ |
| ૧૦૦/- | પટેલ અંજનબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાંદોલ |
| ૧૦૧/- | મારવી લાભુબેન નરસીભાઈ ચિ. અભિષેકના લગ્ન પ્રસંગે | સુરત |
| ૧૦૧/- | ચોટલીયા રસીલાબેન અમૃતલાલ ચિ. મીનાના લગ્ન પ્રસંગે | સુરત |
| ૧૦૧/- | રાઠોડ ઈશ્વરભાઈ કાંતિલાલ ચિ. અજયના જન્મદિને | જીરાગઢ |
| ૧૦૧/- | પટેલ હરજીવનભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૧૦૧/- | પટેલ અનીતાબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપુર |
| ૨૦૨/- | ચોટલીયા દયાળજીભાઈ ચિ. મનીષાની સગાઈ અને ચિ. મુકેશ અને મનીષાના લગ્ન નિમિત્તે | ધૂડકોટ |
| ૧૦૧/- | પટેલ લાલજીભાઈ મગનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સઈજ |
| ૧૦૧/- | પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સઈજ |
| ૧૦૧/- | પટેલ સોમાભાઈ હરજીવનદાસ નવા મકાન નિમિત્તે | પલસાણા |
| ૧૦૧/- | પટેલ જીતેન્દ્રકુમાર સોમાભાઈ જન્મ દિને | પલસાણા |
| ૧૦૧/- | ચૌહાણ ચંદુભાઈ પરસોતમભાઈ ચિ. પ્રીતિના લગ્ન પ્રસંગે | જામસર |
| ૧૦૧/- | વરૂ વિનોદભાઈ ભીમજીભાઈ ચિ. તેજસના લગ્ન પ્રસંગે | જીરાગઢ |
| ૧૦૧/- | પટેલ મહેશભાઈ અંબાલાલ નવું ફ્રિજ લાવ્યા તે નિમિત્તે | ઝુલાસણ |
| ૨૦૦/- | કામીનીબેન જીતેન્દ્રકુમાર શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૧૦૦/- | જીતેન્દ્રકુમાર રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૨૦૦/- | પટેલ રમેશભાઈ જીવાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | મોટેરા |
| ૧૦૧/- | પરમાર રમેશભાઈ જગમાલભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | બળોલવાળા |

| | | |
|---|---|---|
| ૧૫૧/- | પટેલ રોહિતભાઈ લગ્ન પ્રસંગે | જાનવડ |
| ૧૦૧/- | પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સૂકાટીંબા |
| ૧૦૧/- | વાઘેલા હંસરાજ વિજયસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | વાઘેલા ધૈર્યરાજસિંહ જયદિપસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | રાવલ પ્રવિણચંદ્ર ડી. મોતિયાના ઓપરેશન નિમિત્તે | કાલીયાણા |
| ૧૦૧/- | મોરી ચેલાભાઈ પથાભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે | કાલીયાણા |
| ૧૦૧/- | મોરી નરેન્દ્રભાઈ ચેલાભાઈ નવું થ્રેસર લાવ્યા તે નિમિત્તે | કાલીયાણા |
| ૨૦૦/- | પટેલ કેશવલાલ પ્રાણલાલ ચિ. હેતલ, કીર્તીબેન અને હિરલબેનના લગ્ન પ્રસંગે | માધવગઢ |
| ૧૦૦/- | સોની નવીનચંદ્ર વ્રજલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વડોદરા |
| ૧૦૧/- | પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ખેરોલ |
| ૧૧૦/- | ડાભી મહોબતસિંહ મુળુભા ચિ. મહેન્દ્રના લગ્ન પ્રસંગે | નરોડા |
| ૧૦૦/- | પટેલ વિષ્ણુભાઈ કેશાભાઈ નવો ફલેટ લીધો તે નિમિત્તે | દહેગામ |
| ૧૦૧/- | સાપરીયા આયુષી રમેશભાઈ નવી ગાડી લીધી તે નિમિત્તે | સુરત |
| ૧૦૦/- | ચૌહાણ પ્રિયંક નિલેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રાજકોટ |
| ૧૦૦/- | ચૌહાણ ઘનશ્યામ અતુલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રાજકોટ |
| ૧૦૦/- | પટેલ અરવિંદભાઈ ભલાભાઈ ચિ. જીગર અને નિલમની લગ્નતિથિ નિમિત્તે | દહેગામ |
| ૧૧૧/- | પરમાર જીમી જીવણલાલ જન્મ દિને | બોપલ |
| ૧૦૦/- | પરમાર હરિભાઈ મોતીભાઈ ચિ. જયશ્રીબેનના આણા નિમિત્તે | બળોલવાળા |
| ૧૦૧/- | પટેલ આરવ જીજ્ઞેશકુમાર જન્મ દિને | જોરણંગ |
| ૧૦૦/- | પટેલ અરવિંદભાઈ માધવલાલ શ્રીજી પ્રસન્નાર્થે | ઈટાદરા |
| ૨૦૦/- | પટેલ પુરીબેન કાંતિભાઈ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | ઈસંડ |
| ૧૦૦/- | દરજી પ્રજ્ઞેશભાઈ ભીખાભાઈ નવા બાઈક નિમિત્તે | દહેગામ |
| ૧૦૦/- | પટેલ અમૃતભાઈ ધનજીભાઈ ચિ. હિરેનના લગ્ન પ્રસંગે | ગવાડા |
| ૧૦૦/- | ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | ભાવસાર વૈશાલીબેન હરિકૃષ્ણ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | ભાવસાર હરિકૃષ્ણ જયંતીલાલ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૦/- | ભાવસાર વૈશાલીબેન હરિકૃષ્ણ નવો મોબાઈલ લીધો તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | સોલંકી ઉમેશ એન. શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | ભાવસાર સુશીલાબેન નરેન્દ્રભાઈ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | સોની સુમનલાલ જમનાદાસ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | અમદાવાદ |
| ૫૦૧/- | મારફતીયા પુરુષોત્તમદાસ જોઈતારામ દક્ષિણ ભારત યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે | રાજપુર |
| ૫૦૧/- | મારફતીયા મધુબેન પુરુષોત્તમદાસ દક્ષિણ ભારત યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે | રાજપુર |
| ૧૦૧/- | રાદડીયા દિલીપભાઈ ભોળાભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પોરીયા દયાળજીભાઈ ભગવાનજીભાઈ ચિ. મનોજના લગ્ન પ્રસંગે | સુરત |
| ૨૫૦/- | પટેલ વૈશાલી મણીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા (કરજીસણ) |
| ૨૫૦/- | પટેલ નિકીતા નિકુંજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા (કરજીસણ) |
| ૧૦૧/- | મોદી પરેશકુમાર હસમુખલાલ ચિ. વિદિષાના જન્મ પ્રસંગે | મહેસાણા |
| ૧૦૦૧/- | પાઠક ભાવેન નવીનચંદ્ર ચિ. સુપુત્ર યોગના શુભ જન્મ પ્રસંગે હ. વર્ષાબેન | લંડન |

| | | |
|---|---|---|
| ૧૦૧/- | સાપરિયા દિનેશભાઈ દયાળજીભાઈ બાબાના જન્મ નિમિત્તે | ધૂડકોટ |
| ૨૫૦/- | ચૌહાણ ઉમંગ કિશોરભાઈ એમ.બી.બી.એસ. ત્રીજા વર્ષમાં પાસ નિમિત્તે | રાજકોટ |
| ૧૦૦/- | પટેલ ભીખાભાઈ કિશોરભાઈ કલોલ મકાન લીધું તે નિમિત્તે | વિહાર |
| ૧૧૧/- | અ.નિ. મોદી ચંચળબેન રણછોડલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મહેસાણા |
| ૧૦૧/- | રાઓલ કનકબા રાજેન્દ્રસિંહ પ્રથમ વાર્ષિક પાટોત્સવ નિમિત્તે | ઘોડાસર-અમદાવાદ |
| ૨૦૦/- | પટેલ હર્ષદભાઈ રતિલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | કનીપુર |
| ૧૫૧/- | સોલંકી ધ્વનીલ રાજેશકુમાર જન્મ દિવસ નિમિત્તે | ડેમાઈ |
| ૧૫૧/- | ડોડીયા કૌશલ રણજીતભાઈ લગ્ન નિમિત્તે | ટીંબા |
| ૫૦૦/- | લખતરીયા પરિમલભાઈ રમણીકલાલ ચિ. સુજલના જન્મદિવસ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ વનમાળીદાસ જીવણભાઈ નિવૃતિ નિમિત્તે | ધરમપુર |
| ૧૦૦/- | પટેલ ચંદ્રેશકુમાર જશુભાઈ જન્મ દિવસ તા. ૨૯-૩ નિમિત્તે | આકરૂંદ |
| ૧૫૧/- | પટેલ પંકજકુમાર કાંતિલાલ નવી ગાડી મારૂતી સ્વીફટ લાવ્યા તે નિમિત્તે | આકરૂંદ |
| ૧૦૦/- | બારોટ રોનકકુમાર ગિરીશભાઈ લગ્ન નિમિત્તે | આકરૂંદ |
| ૧૦૦/- | પટેલ ધરણી, શિરાલી, ઉન્નત, નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે | આકરૂંદ |
| ૧૦૦/- | સુથાર ઘનશ્યામભાઈ નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડેમાઈ |
| ૧૦૧/- | વરૂ રમેશભાઈ રામજીભાઈ ઋતુના લગ્ન નિમિત્તે | સુરત |
| ૧૦૦/- | ચૌધરી ડાહ્યાભાઈ શંભુદાસ પાટોત્સવ નિમિત્તે | માણેકપુર |
| ૨૦૧/- | પટેલ વિજયકુમાર અમૃતલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વડુ (રાણીપ) |
| ૧૦૧/- | પટેલ જીતેન્દ્રકુમાર અમૃતલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વડુ (રાણીપ) |
| ૫૦૧/- | અ.નિ. પટેલ કાંતાબેન અંબાલાલ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે | વિહારવાળા |
| ૨૦૦/- | શ્રીજીના લાડીલા હરિભક્તો શ્રીજી પ્રસન્નાર્થે | બાલવા |
| ૧૫૧/- | પટેલ નવીનચંદ્ર ભગવાનદાસ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. મધુબેન | મોખાસણ |
| ૧૫૧/- | પટેલ નવીચનંદ્ર ભગવાનદાસ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે હ. ભારતીબેન | મોખાસણ |
| ૧૦૧/- | વાઘેલા તારાબેન ઘનશ્યામસિંહ પાટોત્સવ નિમિત્તે | ગોધાવી |
| ૧૫૦/- | વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે | ગોધાવી |
| ૧૦૧/- | નિકિતાબેન પરેશભાઈ ચિ. ઉર્વશીના જન્મ પ્રસંગે | સુરત |
| ૧૧૧/- | મોદી ધ્રુવિલ અતુલકુમાર જન્મ દિને | ગાંધીનગર |
| ૧૦૧/- | પટેલ શૈલેષકુમાર ડાહ્યાભાઈ નવા મકાન નિમિત્તે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ ખુશીબેન વિરેન્દ્રકુમાર જન્મ પ્રસંગે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ નૈતિકકુમાર વિશાલભાઈ જન્મ પ્રસંગે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ સવિતાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડેમાઈ |
| ૧૦૧/- | પટેલ નિકુંજકુમાર જન્મ દિને | ડેમાઈ |
| ૧૦૧/- | કા. ઘનશ્યામ ચુનીલાલ શ્રીજી પ્રસન્નાર્થે | કોઠંબા |
| ૧૦૧/- | પટેલ રીન્કુબેન નિલેશભાઈ શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે | ડેમાઈ |
| ૧૦૧/- | તાન્સીબેન તથા દિવ્યેશ હિરેનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કોઠંબા |
| ૧૦૧/- | કા. રીટાબેન વસંતભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | કપડવંજ |
| ૧૦૧/- | કા. રિન્સી વસંતભાઈ બોર્ડની પરીક્ષા નિમિત્તે | કપડવંજ |
| ૧૦૧/- | કા. પિયુષભાઈ ચીમનલાલ ગાડી લાવ્યા તે નિમિત્તે | બાલાસિનોર |
| ૫૦૧/- | પટેલ પ્રવિણભાઈ પરસોતમભાઈ પાટોત્સવ નિમિત્તે | નિકોલ |

૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ એ. (ભગત) પાટોત્સવ નિમિત્તે વડુ (કલોલ)
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ
૧૦૧/- વાઘેલા વિલાસબા કાનજીભાઈ પાટોત્સવ નિમિત્તે ગોધાવી
૧૦૦/- શાંતાબેન કાંતિભાઈ ધરમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મલાડ-મુંબઈ
૧૦૧/- ઠક્કર ઘનશ્યામભાઈ શાંતિલાલ ધોળકા
પુત્રની ધોર-૧૨ બોર્ડની પરીક્ષા નિમિત્તે
૧૦૧/- પટેલ શૈલેષભાઈ વેલસીભાઈ સગાઈ નિમિત્તે સોમાસર
૧૦૧/- અ.નિ. કાછીયા જીગર ગોવિંદભાઈ કોઠંબા
નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે
૧૧૧/- પટેલ ભક્તિભાઈ પુંજલદાસ જન્મ દિવસ નિમિત્તે અમેરિકા
૧૧૧/- સોલંકી નિતેશ તથા ભરતકુમાર માણેકલાલ કલોલ
નવું મકાન લીધું તે નિમિત્તે
૨૦૨/- પટેલ સંદિપભાઈ રમેશભાઈ ચિ. રાજ ના જન્મ પ્રસંગે બળોલવાળા
૧૦૧/- પટેલ જલ વિકેશકુમાર પુત્ર જન્મ પ્રસંગે બાકરોલ
૧૫૧/- જાકાસણીયા ભારતીબેન ભુદરભાઈના સ્મરણાર્થે જેતપર (મોરબી)
૨૦૦/- સાં.યો. રાજકુંવરબા અને ઉષાબેન મોરબી
શ્રી નરનારાયણદેવ પાટોત્સવ નિમિત્તે
૧૦૧/- પટેલ પાર્થ ચંદ્રકાન્તભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અસલાલીવાળા
૧૦૧/- પંચાલ રશ્મિકાબેન ઘનશ્યામભાઈ શ્રીમંત નિમિત્તે ઉનાવા
૧૫૧/- ભરવાડ માંડણભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાણોતર
૧૦૧/- પ્રજાપતિ અંજલ અશોકભાઈ જન્મદિને ઈસનપુર
૧૦૧/- પટેલ ધ્રુવિલકુમાર રજનીકાંત શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૧/- જાડેજા અરુણાબા તથા દિવ્યાબા પ્રથમ લગ્ન તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ઝાલા ઘનશ્યામસિંહ વાઘુભા અડવાળ
ચિ. ભાણેજ હરદિપસિંહને નોકરી મળી તે નિમિત્તે
૧૦૧/- સાપરીયા પ્રવિણભાઈ વાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલકતા
૨૦૨/- ઉપાધ્યાય કુમુદભાઈ જગન્નાથભાઈ અમદાવાદ
પાટોત્સવ અને ચિ. દેવલબેનના શ્રીમંત નિમિત્તે
૨૫૦/- છોટલાલ એમ. દેવા શ્રીજી પ્રસન્નાર્થે અંજાર (કચ્છ)
૧૦૦/- પટેલ પ્રહલાદભાઈ ભગવાનદાસ નુગરા ઉંઝા
વેગન આર ગાડી નિમિત્તે
૨૦૦/- ઠક્કર જીગર ઘનશ્યામભાઈ ફ્લેટ લીધો તે નિમિત્તે નાઈરોબી
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ પુત્ર જન્મ પ્રસંગે કાલીયાણા
૧૦૦/- ગોહેલ નરેન્દ્ર લાલજીભાઈ પુત્ર જન્મ પ્રસંગે ટીંબા
૧૦૧/- ભાવસાર સંદિપ ભરતભાઈ સગાઈ નિમિત્તે મેઉવાળા
૧૫૧/- ભાવસાર આનંદ ભરતભાઈ મેઉવાળા
સગાઈ અને સીએ પાસ નિમિત્તે

## ખંડગ્રાસ ચંદ્રગ્રહણ અંગે

ચૈત્ર સુદ-૧૫ તા. ૨૫-૪-૨૦૧૩ ગુરુવાર
ખંડગ્રાસ ચંદ્રગ્રહણ છે.
● વેધ બપોરે ૪-૨૨ ● સ્પર્શ રાત્રે ૧-૨૧ મિનિટે
● મોક્ષ રાત્રે ૧-૩૮ મિનિટે

### સાભાર સ્વીકાર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી ગોરધનભાઈ સીતાપરા (બાપુનગર) દ્વારા લખાયેલ અને પ.ભ. દાસભાઈ (હર્ષદ કોલોની)ના સહયોગથી આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ દ્વારા નવું પ્રકાશન ''શ્રીહરિચરિત્ર'' (પૂર્વાધ) પુસ્તકનું ફાગણ સુદ૩ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન થયેલ છે. જે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ અને અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળશે.

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**જેતપર (તા. મોરબી) હાલ રાજકોટ :** ભારતીબેન ભુદરભાઈ જાકાસણીયા (ઉ. ૫૪ વર્ષ) તા. ૨૨-૨-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ટીંબા (મૂળીદેશ) :** પ.ભ. રામસંગભાઈ ઓઘડભાઈ ગોહેલ (શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી) તા. ૧૨-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ચંદુભાઈ ચુનીલાલ ચોકસી (પાદરાવાળા) તા. ૧૪-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**રામપરા (મૂળીદેશ) :** પ.ભ. કાનાભાઈ માનસંગભાઈ વઢેલ (ઉં. ૭૨ વર્ષ) શ્રીમદ્ ભક્તચિંતામણીગ્રંથ પારાયણનું શ્રવણ કરીને ફાગણ સુદ-૧૫ તા. ૨૭-૩-૨૦૧૩ ના રોજ (ફુલદોલોત્સવ)ના દિને સર્વોપરી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સમૌ :** પ.ભ. ચૌધરી જોઈતારામ સરદારજી (માજી કોઠારી) તા. ૧૭-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધૂડકોટ (નવસારી) :** પ.ભ. ચૌહાણ કાનજીભાઈ લક્ષ્મણભાઈ તા. ૨૪-૩-૨૦૧૩ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




# કાંકરિયા મંદિરનો પાટોત્સવ અને શહેર ચોર્યાસી મહોત્સવ













# કાંકરિયા મંદિરનો પાટોત્સવ અને શહેર ચોર્યાસી મહોત્સવ































૧.શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી(મૂળી)ના પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતાં પ.પૂ.મહારાજશ્રી. ૨.લીંમડી મંદિરમાં પાટોત્સવ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી. ૩. ભાવપુરા મંદિરના પંચમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. લુણાવાડા (છપૈયાધામ મંદિર)માં પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન. ૫. વિરાટનગર (ઓઢવ -અમદાવાદ) મંદિમાં ઠાકોરજીની આરતી ઉતારતાં પ.પૂ. મોટા મહારાજશ્રી. ૬ માણેકપુર (ચૌધરી) મંદિરમાં પ.પૂ.મોટા મહારાજશ્રીની આરતી ઉતારતા હરિભક્તો. ૭ હ્યુસ્ટન (આઈ.એસ.એસ.ઓ.-અમેરિકા)મંદિરમાં મહાપૂજા દર્શન.



Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under postal REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment No.CPMG/GJ/01/2012 valid up to 30-06–2014



શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝિલેન્ડ)ના પાંચમાં પાટોત્સવ પ્રસંગે અભિષેક અન્નકૂટ આરતી અને પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.ભ. ડો.કાંતિભાઈ પટેલ પ.પૂ.મહારાજશ્રીનું પૂજન કરતા.




૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનિયા માં ફુલદોલોત્સવના દર્શન. ૨. ટોરેન્ટો (કેનેડા) મંદિરમાં ફુલદોલોત્સવ. ૩. ક્લીવલેન્ડ મંદિરમાં ફુલદોલોત્સવના દર્શન ૪. ટોરડા મંદિરના ષષ્ઠિપૂર્તિ મહોત્સવ પ્રસંગે ઠાકોરજીના દર્શન. (વિશેષ તસવીર અંદરના પાને)



Praful Kharsani